CMYK

RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૦ ચૈત્ર વદ-૨   શુક્રવાર, તા.૨૬-૦૪-૨૦૨૪   અંક : ૧૫૯ વર્ષ : ૨૧   news@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

## ૧૩ રાજ્યોમાં ૮૮ બેઠકો પર મતદાન

# ૧૧ વાગ્યા સુધી ત્રિપુરામાં સૌથી વધુ ૩૬.૪૨% મતદાન

## પ.બંગાળના બાલુરઘાટમાં TMC- BJP કાર્યકરો વચ્ચે ઘર્ષણ

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના બીજા તબક્કાનું મતદાન આજે સવારે ૭ વાગ્યે શરૂ થયું છે. સવારે ૩૬.૪૨ ટકા અને પ.બંગાળમાં ૧૫ ટકાથી મતદાન નોંધાયું છે.

બીજા તબક્કામાં ૧૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૮૯ લોકસભા બેઠકો પર મતદાન થઈ રહ્યું છે. સાંજે ૫ વાગ્યા સુધી મતદાન ચાલુ રહેશે. લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં કેરળની તમામ ૨૦ બેઠકો પર મતદાન થવાનું છે. જેમાં રાહુલ ગાંધીની વાયનાડ સીટ પણ સામેલ છે.

મતદાનના બીજા તબક્કામાં બિહારની ત્રણ બેઠકો કિશનગંજ, કટિહાર, પૂર્ણિયા અને ભાગલપુર પર ચૂંટણી થઈ રહી છે. છત્તીસગઢની રાજનાંદગાંવ, મહાસમુંદ અને કાંકેર બેઠકો પર ચૂંટણી યોજાશે. મધ્યપ્રદેશની ટીકમગઢ, દમોહ, ખજુરાહો, સતના, રીવા, હોશંગાબાદ અને બેતુલ લોકસભા બેઠકો પર લોકો મતદાન કરી રહ્યા છે. મહારાષ્ટ્રની બુલઢાણા, અકોલા, અમરાવતી, વર્ધા, યવતમાલ વાશીમ, હિંગોલી, નાંદેડ અને પરભણી સીટો પર ચૂંટણી યોજાઈ રહી છે.

લોકસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાનમાં અગ્રણી ઉમેદવારોમાં રાજનાંદગાંવથી ભૂપેશ બઘેલ, બેંગલુરુ ગ્રામીણથી ડીકે સુરેશ, બેંગલુરુ ઉત્તરથી શોભા કરંદલાજે, બેંગલુરુ દક્ષિણથી તેજસ્વી સૂર્યા, મંડ્યાથી એચડી કુમારસ્વામી, વાયનાડથી રાહુલ ગાંધી, અનિલ એન્ટોની ચૂંટણી લડી રહ્યા છે. તિરુવનંતપુરમમાંથી પથનમથિટ્ટા, શશિ થરૂર અને રાજીવ ચંદ્રશેખર ચૂંટણી લડી રહ્યા છે. બીજા તબક્કામાં ચૂંટણી લડનારા ઉમેદવારોમાં જોધપુરથી ગજેન્દ્ર સિંહ શેખાવત, જાલોરથી વૈભવ ગેહલોત, મથુરાથી હેમા માલિની, મેરઠથી અરુણ ગોવિલ ચૂંટણી લડી રહ્યા છે.

## પ. બંગાળમાં મતદાન પહેલાં જ BJP નેતાની લાશ મળી

### ભાજપે દાવો કર્યો છે કે કાર્યકરની હત્યા કરવામાં આવી છે

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી વચ્ચે પશ્ચિમ બંગાળમાં ફરી એકવાર હિંસા ભડકી ઉઠી છે. આવું એટલા માટે કહેવામાં આવી રહ્યું છે કારણ કે રાજયના પૂર્વ મિદનાપુર જિલ્લામાં બીજેપી કાર્યકરની લાશ મળી આવી છે. ભાજપે દાવો કર્યો છે કે કાર્યકરની હત્યા કરવામાં આવી છે. પૂર્વ મિદનાપુરના મોયના ગામના એક કામદારની લાશ લટકતી હાલતમાં મળી આવી હતી. મૃતકની ઓળખ દીનબંધુ માદ્યા તરીકે થઈ છે. પોલીસે હાલ આ મામલે તપાસ શરૂ કરી છે.

ભાજપે દાવો કર્યો છે કે તેની પાર્ટીના કાર્યકરનું બુધવારે અપહરણ કરવામાં આવ્યું હતું. ગુરુવારે રાત્રે તેનો મૃતદેહ મળી આવ્યો હતો. બીજેપી કાર્યકરનો મૃતદેહ એવા સમયે મળી આવ્યો જયારે આજે એટલે કે શુક્રવારે (૨૬ એપ્રિલ) ત્રીજા તબક્કાનું મતદાન ચાલી રહ્યું હતું. ત્રીજા તબક્કા માટે જે બેઠકો પર મતદાન થઈ રહ્યું છે

## રાજયમાં ગરમીના પ્રકોપ વચ્ચે વરસાદી ઝાપટાં

### સુરત, દાહોદ ભાવનગરના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ : માવઠાના કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો

અમદાવાદ,

ગુજરાતમાં ગરમીના પ્રકોપ વચ્ચે વરસાદ શરૂ થયો છે. જેમાં વલસાડ શહેરમાં કમોસમી વરસાદ ખાબક્યો છે. ત્યારે આજુબાજુના વિસ્તારમાં કમોસમી વરસાદ આવતા માવઠાના કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. તેમજ માવઠાથી કેરીના પાકમાં નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ત્યારે સુરત જિલ્લામાં એકાએક કમોસમી



વરસાદી ઝાપટા શરૂ થયા છે.

કમોસમી વરસાદ આવ્યો છે. દાહોદ સહિત આસપાસના વિસ્તારોમાં વરસાદ આવતા ખેડૂતો ચિંતિત થયા છે. કમોસમી વરસાદના કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. તેમજ કમોસમી વરસાદથી કેરીના પાકમાં મોટું નુકસાન થવાની ભીતી છે. તેમજ તાપી જિલ્લામાં ભરઉનાળે કમોસમી વરસાદ આવ્યો છે. તેમાં કુકરમુંડા, નિઝર, ઉચ્છલ, સોનગઢ, વ્યારા, વાલોડ, ડોલવણમાં કમોસમી વરસાદે ખેડૂતોની ચિંતા વધારી છે. તેમજ શાકભાજીના પાકને નુકસાનની ભીતિ છે. ભાવનગરના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ આવ્યો છે. જેમાં ચિત્રા યાર્ડ, આખલોલ જકાતનાકા વિસ્તાર તથા મસ્તરામ મંદિર, નારી ચોકડી સહિતના વિસ્તારમાં વરસાદ પડ્યો છે.

## EVM યોગ્ય, તેને VVPAT સાથે સરખાવવાની જરૂર નથી : સુપ્રીમ કોર્ટ

### ઈ.વી.એમ.અને વી.વી.પી.એ.ટી.ને મેચ કરવાની માંગ કરતી અરજી મામલે સુપ્રીમ કોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો : મતદાન બાદ ૪૫ દિવસ સુધી ઈ.વી.એમ.સુરક્ષિત રખાશે : તમામ અરજીઓ ફગાવી

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે ઈફસ-ફફછ્ ને મેચ કરવાની માગ કરતી અરજીઓ પર મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. આ મામલે સુપ્રીમકોર્ટે તમામ અરજીઓ ફગાવતાં કહ્યું કે આવું કરવાની કોઈ જરૂર જ નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે મતદાન બાદ ૪૫ દિવસ સુધી ઈવીએમ સુરક્ષિત રખાશે. સુપ્રીમ કોર્ટે આજે વોટર વેરિફાઈડ પેપર ઓડિટ ટ્રેલ (ફફછ્)ની સાતે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (ઈફસ)માં પડેલા વોટોની ૧૦૦ ટકા વેરિફિકેશનની માગણી કરતી પર અરજી પર મોટો ચુકાદો આપ્યો હતો. કોર્ટે તમામ અરજીઓ ફગાવી દીધી છે અને સૂચવ્યું હતું કે ચૂંટણી પંચે ભવિષ્યમાં ફફછ્ સ્લિપમાં બાર કોડ પર પણ વિચાર કરવો જોઈએ. આ સાથે બેલેટ પેપરથી મતદાન કરાવવાની માગ પણ ફગાવી દેવામાં આવી હતી. સુપ્રીમકોર્ટે તેના ચુકાદામાં વધુમાં કહ્યું કે ચૂંટણીના પરિણામ આવી ગયાના ૭ દિવસ સુધીમાં ઉમેદવારો તપાસની માગ કરી શકશે અને તેના માટે જે કંઈ ખર્ચ આવશે.

## હાઈકોર્ટમાં વોટ્સએપે કહ્યું જો સરકાર મજબૂર કરશે તો ભારત છોડી દઈશું

### 'યુઝર્સની પ્રાઈવસી એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન દ્વારા સુરક્ષિત છે : વ્હોટ્સએપ

નવીદિલ્હી,

દિલ્હી હાઈકોર્ટમાં વોટ્સએપે એન્ક્રિપ્શન હટાવવાનો ઈન્કાર કરી દીધો છે. અને સાથે એવું પણ કહ્યું છે કે જો સરકાર આવું કરવા મજબૂર કરશે તો ભારત છોડી દઈશું. દિલ્હી હાઈકોર્ટમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વોટ્સએપ એ સ્પષ્ટ કહ્યું છે કે જો તેને મેસેજ એન્ક્રિપ્શન તોડવા માટે મજબૂર કરવામાં આવશે વોટ્સએપ ભારતમાં અસરકારક રીતે બંધ થઈ જશે. મેટા-માલિકીની કંપની વ્હોટ્સએપે હાઈકોર્ટમાં વધુમાં કહ્યું હતું કે 'યુઝર્સની પ્રાઈવસી એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન દ્વારા સુરક્ષિત છે. આના દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવે છે કે મેસેજ મોકલનાર અને રીસિવ કરનાર જ અંદરના કંટેટ જાણી શકે છે.' ઉલ્લેખનીય છે કે વોટ્સએપે આ વાત ઈન્ફોર્મેશન ટેક્નોલોજી નિયમ ૨૦૨૧ ને પડકારતી વખતે આ વાત કહી છે.એક અહેવાલ અનુસાર, વોટ્સએપ વતી કોર્ટમાં હાજર રહેલા વકીલ તેજસ કારિયાએ ડિવિઝન બેંચને જણાવ્યું હતું કે, 'લોકો પ્રાઈવસી ફીચર્સને કારણે જ વોટ્સએપનો ઉપયોગ કરે છે. કંપની ્ નિયમો ૨૦૨૧ને પડકારી રહી છે, જેમાં મેસેજ ટ્રેસ કરવાની અને મોકલનારને ઓળખ કરવાની વાત કરવામાં

## બિહારમાં ફટાકડા ફોડતા સર્જાયો અકસ્માત, એક જ પરિવારના ૬ વ્યક્તિઓનાં કરૂણ મોત

### લગ્નના વરઘોડામાં ફટાકડા ફોડવાને કારણે ટેન્ટમાં લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું

દરભંગા,

બિહારના દરભંગામાં એક અકસ્માતમાં ૬ લોકોના મોત થયા છે. જણાવવામાં આવી રહ્યું છે કે લગ્નના વરઘોડા દરમિયાન ફટાકડાને કારણે લાગેલી આગને કારણે સિલિન્ડર ફાટ્યુ હતુ અને તેમાં એક જ પરિવારના છ લોકોના મોત થયા હતા.

મળતી માહિતી મુજબ, અચાનક સિલિન્ડર વિસ્ફોટના કારણે ડીઝલના સ્ટોકમાં આગ લાગી હતી અને એક જ પરિવારના છ લોકોના મોત થયા હતા. મૃતકોમાં ત્રણ વયસ્કો અને ત્રણ બાળકોનો સમાવેશ થાય છે. આ ઘટના અલીનગર બ્લોકના બહેરા પોલીસ સ્ટેશનના અંતોર ગામમાં બની હતી.જણાવવામાં આવી રહ્યું છે કે જિલ્લાના અલીનગર બ્લોકના બહેરા પોલીસ સ્ટેશનના અંતોર ગામમાં ગુરુવારે રાત્રે છગન પાસવાનની પુત્રીના લગ્ન યોજાયા હતા. રામચંદ્ર પાસવાનના રહેણાંક સંકુલમાં શામિયાણા અને જાનૈયાઓના રહેવા-જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. લગ્નના વરઘોડામાં પહોંચતા જ તેઓએ ફટાકડા ફોડ્યા જેના કારણે ટેન્ટમાં આગ લાગી ગઈ. થોડી જ વારમાં આખા ટેન્ટમાં આગ લાગી અને આ દરમિયાન ત્યાં રાખેલા સિલિન્ડરમાં પણ આગ લાગી અને વિસ્ફોટ થયો.

સિલિન્ડર વિસ્ફોટ બાદ આગે ગંભીર સ્વરૂપ ધારણ કરી લીધું જ્યારે તેણે રામચંદ્ર પાસવાનના ઘરના દરવાજા પર રાખેલા ડીઝલના કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને તેમના પરિવારના ૬ લોકોના મોત થયા હતા. ડીએમ રાજીવ રોશને પુષ્ટિ કરી કે ટીમ તપાસ માટે રવાના થઈ ગઈ છે. આ ઘટનામાં ત્રણ પશુઓના પણ મોત થયા હતા.

## બાબા રામદેવે ફરી માફી માગી

### પતંજલિએ પહેલા કરતા મોટા આકારમાં માફીનામું પ્રકાશિત કર્યું



નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટ તરફથી ભ્રામક વિજ્ઞાપન મામલે સવાલ પૂછવામાં આવ્યા બાદ બુધવારે પતંજલિએ ફરી એક વખત અખબારમાં માફી છપાવી છે. આ વખતે વિજ્ઞાપનનો આકાર પહેલાથી મોટો રાખવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે પતંજલિએ એક દિવસ પહેલાં પણ માફીનામું છપાવ્યું હતું. જો કે સુપ્રીમ કોર્ટે તેની જાણકારી માગતા પતંજલિને સવાલ કર્યો હતો કે શું માફી વિજ્ઞાપન જેવડી મોટી છે ?રામદેવ અને તેમના સાથી બાલકૃષ્ણ તરફથી અખબારમાં છપાવવામાં આવેલી માફીનો આકાર એક અખબારના પાનાના ૨૫ ટકા જેટલી છે. જેમાં મોટા મોટા અક્ષરોમાં લખવામાં આવ્યું છે કે શરતો વિના માફી. સાથે જ માફી માગતા કહેવામાં આવ્યું છે કે ભારતની માનનીય સર્વોચ્ચ અદાલતના કેસના સંદર્ભમાં કોર્ટના નિર્દેશો અને આદેશનું પાલન ન કરવા અને અવજ્ઞા કરવા માટે વ્યક્તિગત રીતે અને સાથે કંપની તરફથી કોઈપણ શરતો વિના માફી માગીએ છીએ. વિજ્ઞાપનોના પ્રકાશનમાં થયેલી ભૂલ માટે પણ ઈમાનદારીથી માફી માગે છે અને પૂરા મનથી કહે છે કે આવી ભૂલનું પુનરાવર્તન કરવામાં આવશે નહી. પૂરી સાવધાની અને અત્યંત નિષ્ઠા સાથે માનનીય ન્યાયાલયના નિર્દેશોનું પાલન કરવા માટે પ્રતિબદ્ધ છીએ.

## સુપ્રીમ કોર્ટે પોતાનો વોટ્સએપ નંબર સત્તાવાર જાહેર કર્યો

નવીદિલ્હી,

દેશની સર્વોચ્ચ અદાલત એટલે કે સુપ્રીમ કોર્ટે તેનો સત્તાવાર વોટ્સએપ નંબર જાહેર કર્યો છે. ગુરુવારે આની જાહેરાત કરતા ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ડીવાય ચંદ્રચુડે કહ્યું કે સુપ્રીમ કોર્ટ વકીલોને વોટ્સએપ મેસેજ દ્વારા કોઝ લિસ્ટ, કેસ ફાઈલ કરવા અને સુનાવણી માટે લિસ્ટિંગ વિશે જાણકારી આપશે.

CJI ચંદ્રચુડે સુપ્રીમ કોર્ટનો પોતાનો જે સત્તાવાર ઉરહ્કંજછઁ નંબર જાહેર કર્યો છે તે છે ૮૭૬૭૬-૮૭૬૭૬. હવે વકીલોને વોટ્સએપ નંબર પરથી કેસ ફાઈલ થવા અંગેનો ઓટોમેટેડ મેસેજ મળશે.

## સ્ત્રીધન એ પત્ની અને પતિની સંયુક્ત સંપત્તિ નથી : સુપ્રીમ

### ગુમાવેલા સોના બદલ પત્નીને ૨૫ લાખનું વળતર ચૂકવવાનો પતિને આદેશ

નવી દિલ્હી

સુપ્રીમકોર્ટે ગુરુવારે એક મહત્ત્વનો ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું હતું કે, પત્નીના સ્ત્રીધન પર પતિનું કોઈ જ નિયંત્રણ નથી અને જો કટોકટીના સમયે પતિએ સ્ત્રીધનનો ઉપયોગ કર્યો હોત તો બાદમાં તે પરત કરવું તેની નૈતિક ફરજ છે. ગુમાવેલા સોના બદલ પત્નીને ૨૫ લાખનું વળતર ચૂકવવાનો પતિને આદેશ આપતા સુપ્રીમકોર્ટે આ સ્પષ્ટતા કરી હતી.

મૂળ કેરળના કેસમાં પત્નીએ દાવો કર્યો હતો કે લગ્ન સમયે તેને પિયર પક્ષ તરફથી સોનાના ૮૯ દાગીના મળ્યા હતા. વધુમાં તેના પિતાએ મહિલાના પતિને ૨ લાખ રૂપિયાનો ચેક પણ આપ્યો હતો. પત્નીના જણાવ્યા પ્રમાણે લગ્નની પ્રથમ રાતે જ પતિએ સુરક્ષાનું કારણ આગળ ધરીને તમામ દાગીના પોતાના કબજા હેઠળ લઈ લીધા હતા. જો કે, પત્નીએ આરોપ મુક્યો હતો કે પતિ તથા તેના સાસુએ અગાઉની આર્થિક જવાબદારીઓમાંથી છૂટકારો મેળવવા માટે સોના- ચાંદીના દાગીનાનો દુરુપયોગ કર્યો હતો.આ કેસમાં ૨૦૧૧માં ફેમિલિ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે પતિ અને તેની માતાએ મહિલાની જ્વેલરીનો ગેરવહીવટ કર્યો છે. તેથી આ નુકસાનની ભરપાઈ કરવાનો તેને અધિકાર છે. જો કે કેરળ હાઈકોર્ટે ફેમિલિ કોર્ટના ચુકાદાને રદ ઠેરવીને મહિલાના પતિ તથા સાસુને રાહત આપી હતી. હાઈકોર્ટે જણાવ્યું હતું કે પતિ અને તેની માતા દ્વારાલ જ્વેલરીનો ગેરવહીવટ થયો છે એ પુરવાર થયું નથી. એ પછી મહિલાએ ચુકાદાને સુપ્રીમકોર્ટમાં પડકાર્યો હતો.

સુપ્રીમકોર્ટના જસ્ટિસ સંજીવ ખન્ના અને દિપાંકર દત્તાએ જણાવ્યું હતું કે સ્ત્રીધન એ પત્ની અને પતિની સંયુક્ત સંપત્તિ નથી. તેથી આ સંપત્તિ પર પતિનો અધિકાર નથી. આ સંપત્તિ મહિલાને લગ્ન પહેલા કે લગ્ન પછી મળી હોય છે તેથી તેના પર માત્ર તેનો જ અધિકાર છે. આ કેસમાં હાઈકોર્ટના ચુકાદાને ખામી ભરેલો ગણાવતા સુપ્રીમકોર્ટની બેન્ચે જણાવ્યું હતું કે લગ્નસંબંધ પતિ- પત્નીના પરસ્પર વિશ્વાસ પર ટકેલો છે. તેથી આ કેસમાં પત્નીને પહેલેથી જ પતિ પર ભરોસો ન હતો એવું માનવું શક્ય નથી.



CMYK

# બે વખત હારી ગયા છતાં લોકોની વચ્ચે અને પક્ષની સાથે રહ્યા ત્યારે તે ન ગયા તો ૫ કરોડમાં કેવી રીતે વેચાઇ જાય? - નીતા કુંભાણી

## ઘટનાક્રમને સમજવા માટે તો માણસને ટાઇમ આપો તેવી વિનંતી કરી



સુરત
ઉમેદવારી રદ થયા બાદ લાપતા નીલેશ કુંભાણીના પત્ની નીતા કુંભાણીએ મીડિયાને કહ્યું હતું કે, ઉમેદવારી રદ થઈ છે તેની ઈન્કવાયરી માટે મારા પતિ નીલેશ કુંભાણી અમદાવાદ ગયા છે. કાર્યકર્તા રોષ ઠાલવી કહી રહ્યા છે કે, ગદ્દાર છે, ખરીદાઈ ગયા છે. બીજેપીના કાર્યકર્તાઓ ખુદ એમની મિલીભગત હોવાથી અને ભાજપ દ્વારા પ્રેશર કરાયું હોય અને નીલેશ કુંભાણીને ખરીદી ન શક્યા હોય ત્યારે ટેકેદારો પર પ્રેશર કરાયું હોઇ શકે. બે વખત હારી ગયા છતાં લોકોની વચ્ચે અને પક્ષની સાથે રહ્યા ત્યારે તે ન ગયા તો ૫ કરોડમાં કેવી રીતે વેચાઇ જાય? તમામનું સાહસ કરીને મીડિયા સામે હું બોલી છતાં દોષનો ટોપલો અમારા પર ઢોળવામાં આવે છે.

રાજકીય માણસો તો બોલતા હોય પરંતુ તમે તો સમજો. ઘરનું માણસ નથી, ટેકેદારો અમારા સગા છે, અને તેમના પરિવારના અમારા પર કોલ આવે છે. તેમને જવાબ પણ અમારે જ આપવાનો છે. તેની જાણકારી લેવા એ માણસ કંઈ તો કાર્યવાહી કરતો હશે ને? મારી સાથે શું થયું એવો જવાબ આપવા મીડિયા સામે આવે? ઘટનાક્રમને સમજવા માટે તો માણસને ટાઇમ આપો તેમ તેમણે જણાવ્યું હતું.

# નિલેશ કુંભાણીના ચૂંટણી લડવા પર પ્રતિબંધ મુકાઇ શકે છે : ઘરે ગોઠવાયો ચુસ્ત બંદોબસ્ત

સુરત,
છેલ્લા કેટલાક દિવસથી સુરત લોકસભાની ઉમેદવારી નોંધાવનાર કોંગ્રેસના નિલેશ કુંભાણી ચર્ચામાં છે. જો કે સોંગદનામામાં ભૂલ નીકળતા તેમનું ઉમેદવારી પત્ર રદ કરવામાં આવ્યુ છે. કોંગ્રેસ નેતા નિલેશ કુંભાણી હજી પણ ભૂર્ગભમાં છે. તેમની પત્ની ચાર દિવસ બાદ આજે તેમના નિવાસ્થાને પરત ફરી છે. જેમને ્ફ૯ સાથે જણાવ્યુ કે સમય આવશે ત્યારે નિલેશ કુંભાણી લોકો સામે આવશે.

બીજી તરફ ગઈ કાલે કેટલાક રાજકીય નેતા દ્વારા નિલેશ કુંભાણી વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરાય તે માટે પોલીસ સ્ટેશમાં ફરિયાદ નોંધાવાની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે પૂર્વ કોર્પોરેટર દિનેશ કાછડિયાએ એક નિવેદનમાં જણાવ્યુ કે નિલેશ કુભાણીનુ સ્વાગત ફૂલથી થશે કે પથ્થરથી તે સમય બતાવશે. જેના પગલે નિલેશ કુંભાણીના ઘરે પોલીસ બંદોબસ્ત વધારવામાં આવ્યો છે. બિલ્ડીંગના નીચે ક્રાઇમ બ્રાન્ચ પોલીસના જવાનો ગોઠવાયા છે.

ચૂંટણી પંચ નિલેશ કુંભાણી સામે કડક પગલા લઈ શકે છે. નિલેશ કુંભાણીના ચૂંટણી લડવા પર પ્રતિબંધ મુકાઈ શકે છે. સુરતથી કોંગ્રેસ ઉમેદવાર નિલેશ કુંભાણીનો રિપોર્ટ દિલ્લી ચુંટણી પંચમાં પહોંચ્યો છે. ટેકેદારોની ખોટી સહી મુદ્દે સુરત કલેક્ટર અને નિરીક્ષકે રિપોર્ટ તૈયાર કર્યો હતો. મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ આ રિપોર્ટ દિલ્લી મોકલ્યો છે. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં આવા કેસમાં નવ ઉમેદવારો પર ત્રણ વર્ષનો ચૂંટણી લડવા પર પ્રતિબંધ મુકાઈ ચૂક્યો છે.

# આણંદ એલસીબીની ટીમે પિસ્તોલ વેચવાના રેકેટનો પર્દાફાશ કર્યો



આણંદ,
આણંદ એલસીબીની ટીમે પિસ્તોલ વેચતા રેકેટનો પર્દાફાશ કર્યો છે. પાણીપુરીના ધંધાની આડમાં વેપારી પિસ્તોલ વેચવાનું જાણવા મળતા આણંદ ક્રાઈમ બ્રાન્ચે તપાસ હાથ ધરી છે.

અસામાજીક તત્વોનું દૂષણ વધતું જઈ રહ્યું છે. ત્યારે આણંદ એલસીબીએ પિસ્તોલ વેચતા રેકેટનો પર્દાફાશ કર્યો છે. આણંદ એલસીબીએ બે શખ્સોને લોડેડ પિસ્તોલ સાથે પકડ્યા છે. આ બે શખ્સો એક્ટિવા પર જઈ રહ્યા હતા. એક્ટિવાની તલાશી લેતાં ડેકીમાંથી લોડેડ પિસ્તોલ મળી આવી હતી તેમજ તેમની પૂછપરછ કરતાં માલૂમ પડ્યું કે તેઓ પાણીપુરી વેચતા વેપારી પાસેથી પિસ્તોલ લીધાનું કબૂલ્યું હતું. આણંદ એલસીબીએ આ મામલે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# પાંચ દિવસ ૪૨ ડિગ્રી સુધી અંગ દઝાડતી ગરમી પડશે

## દક્ષિણ પશ્ચિમથી પશ્ચિમ દિશા તરફથી પવનો ફૂંકાવાની શક્યતા

અમદાવાદ,
હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસ દ્વારા આગાહી કરવામાં આવી છે કે હજુ પણ આગામી પાંચ દિવસ રાજ્યમાં ગરમીનો પ્રકોપ યથાવત્ રહેશે. ગુજરાતના ઉત્તર અને દક્ષિણ ભાગના દરિયાકાંઠાના વિસ્તારોમાં, એટલે કે, કચ્છના અખાત અને ખંભાતના અખાતમાં ઉત્તર-પશ્ચિમ દિશા તરફથી પવનો ફૂંકાયા હતા. આ સાથે જ ૧૫થી ૨૦ નોટ્સ પ્રતિ કલાકની ઝડપે પવનનો ફૂંકાયા હતા. હજુ પણ આગામી ૨૪ કલાક દરમિયાન ગુજરાત પર દક્ષિણ પશ્ચિમથી પશ્ચિમ દિશા તરફથી પવનો ફૂંકાવાની શક્યતા છે. આગામી પાંચ દિવસ ગુજરાતના મહત્તમ તાપમાનમાં મોટો ફેરફાર ન આવતા મોટા ભાગના જિલ્લાઓનું મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહે એવી શક્યતા છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યના વિવિધ જિલ્લાઓમાં એકથી બે ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં વધારો થઈ શકે છે. હાલમાં ભારતના ઉત્તરી વિભાગમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અપ્રોચ કરી રહ્યું છે. ખાસ કરીને જમ્મુ-કાશ્મીરના વિસ્તારોમાં સાઈક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે, પરંતુ હવામાન વિભાગની આગાહી અનુસાર ગુજરાત પર એની અસરો જોવા મળશે નહીં. ત્યાર બાદ પાંચથી સાત દિવસ પછી ફરી એક વખત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ગુજરાતના ઉત્તરી વિભાગને અપ્રોચ કરશે. એને કારણે ગુજરાત પર એની અસર થશે કે નહીં એ હાલમાં સ્પષ્ટપણે કહી શકાય એમ નથી.

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યના તાપમાનમાં ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે. રાજ્યના કેટલાક જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીની આસપાસ પહોંચી શકે છે એવી આગાહી કરવામાં આવી હતી.

# વડાપ્રધાન મોદી માટે વાંધાજનક ટીપ્પણી કરનાર યુવકની જૂનાગઢથી ધરપકડ



જૂનાગઢ,
વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરૂધ્ધ આપત્તિજનક ટીપ્પણી કરનાર યુવકની જૂનાગઢથી ધરપકડ કરવામાં આવી છે.જૂનાગઢના હૈદર નામના યુવાન દ્વારા વડાપ્રધાન મોદી માટે સોશિયલ મીડિયા પર આપત્તિજનક ટીપ્પણી કરાઇ હતી પોલીસ દ્વારા યુવકની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરાઇ છે.આ યુવક જૂનાગઢનો રહેવાસી છે.

હૈદર કુરેશી નામના યુવાન દ્વારા વડાપ્રધાન મોદી માટે આપત્તિજનક ટીપ્પણી આઇ લવ માય જૂનાગઢ નામના વોટ્સએપ ગ્રુપ પર કરાઇ હતી.

# બોટાદના ગુજસીટોકના ગુનાનો ફરાર આરોપી સિદ્ધપુરથી ઝડપાયો

## આરોપીને બોટાદ પોલીસને સોંપવા માટે તજવીજ

પાટણ
સુરેન્દ્રનગરના ગરાંભડી ગામના ગુનાઈત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા બોટાદ પોલીસ સ્ટેશનના ગુજસીટોક ગુનાના નાસતા ફરતાં શખ્સને સિદ્ધપુર પોલીસે શહેરના બિંદુ સરોવર પાસેથી દબોચી લીધો હતો.

સિદ્ધપુર ખાતે બિંદુ સરોવરના અંદરના ભાગે એક શખ્સ પોલીસને જોઈ ભાગતાં તેના પર શંકા જતાં પોલીસે તેનો પીછો કરી પકડી પાડ્યો હતો. આ શખ્સ સુરેન્દ્રનગરના ગરાંભડી ગામનો જગદીશ ઉર્ફે જગો રતિલાલ મહેતા હોવાનું તેણે જણાવ્યું હતું. ત્રણ માસ અગાઉ બોટાદ પોલીસ સ્ટેશનમાં ગુજસીટોકનો ગુનો દાખલ થયેલો હોવાનું જણાવતા પોલીસે તપાસ કરતાં બોટાદ ટાઉન પોલીસ મથકના ગુજસીટોકના ગુનામાં ફરાર હોવાની હકીકત જાણવા મળી હતી જેને પગલે સિદ્ધપુર પોલીસે સીઆરપીસી કલમ ૪૧(૧) મુજબ અટકાયત કરી આરોપીને બોટાદ પોલીસને સોંપવા માટે તજવીજ હાથ ધરી હતી. આ અંગે પોલીસે જણાવ્યું હતું કે આરોપી જગદીશ મહેતા સામે હત્યા, હત્યાની કોશિષ, દારૂ સહિતના ૧૦ જેટલા ગુનાઓ કોટડા સાંગાણી, ઉના, બોટાદ ટાઉન, જસદણ, સાયલા અને વિરછા પોલીસમાં દાખલ થયેલા છે.

# એસઓજીએ અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાંથી બે બેગ ભરેલો ગાંજો ઝડપી પાડ્યો

અમદાવાદ,
વેસ્ટર્ન રેલવે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા પૂરી અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાંથી બે બેગ ભરેલો ગાંજો ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહીમાં બિનવારસી બેગ અંગેની તપાસ કરતા ગાંજો મળી આવ્યો હોવાનું સામે આવ્યું છે. વેસ્ટર્ન રેલવે એસઓજી દ્વારા આ મામલે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી હોવાનું સુત્રો જણાવી રહ્યા છે.

વેસ્ટર્ન રેલવે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા ગુનાખોરી ડામવા માટે વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવતા હોય છે. આ કાર્યવાહી વર્ષભર ચાલરતી રહે છે. તેવામાં આજે સવારે વેસ્ટર્ન રેલવે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા પુરી અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાંથી બિનવારસી બેગ ઝડપી પાડવામાં આવી છે. જેની ઝીણવટભરી તપાસ કરવામાં આવતા તેમાંથી બેગ ભરેલો ગાંજો મળી આવ્યો છે. આ ગાંજો પેકીંગ કરીને બે બેગોમાં મુકવામાં આવ્યો હોવાનું સુત્રો જણાવી રહ્યા છે. આ ગાંજાનો જથ્થો ભરેલી બેગ કાશીપુરા રેલવે સ્ટેશનથી જનરસ કોચમાં મુકવામાં આવી હોવાનું પ્રાથમિક સુત્રો જણાવી રહ્યા છે.

# બે વિવાદાસ્પદ નિવેદનઃ ભાયાણીને આચારસંહિતા ભંગ કર્યાનો રીપોર્ટ : કિરીટ પટેલને ક્લિનચીટ

જૂનાગઢ,
રાજ્યમાં લોકસભાની ચૂંટણી માટે મતદારોને રિઝવવાનો પ્રયાસ જોરશોરથી ચાલી રહ્યો છે. પ્રચારમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય ભૂપત ભાયાણી અને જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલે વિવાદાસ્પદ નિવેદનો બોલ્યા હતા. આ વિવાદમાં પૂર્વ ધારાસભ્ય ભૂપત ભાયાણી સામે આચાર સહીતા ભંગનો રિપોર્ટ કરાયો છે. જ્યારે જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલે આચારસંહિતાનો ભંગ કર્યો નથી એવો રિપોર્ટ સોંપ્યો છે. જોકે, અરજદારે જિલ્લા ભાજપ પ્રમુખને આ રીતે અપાયેલી ક્લીનચીટ સામે વાંધા અરજી કરી વિરોધ નોંધાવ્યો છે. વિસાવદરમાં ભાજપના કાર્યાલયના ઉદઘાટનમાં આપના પૂર્વ ધારાસભ્ય અને ભાજપના આગેવાન ભુપત ભાયાણીએ રાહુલ ગાંધી માટે અભદ્ર શબ્દોનો ઉપયોગ કર્યો હતો. જ્યારે જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલે રાજા અને તેની પટરાણીઓ વિશે વિવાદીત નિવેદન કર્યુ હતુ. બંને નિવેદનો બાદ ભારે ચર્ચામાં આવ્યો હતો.



ભૂપત ભાયાણી અને કિરીટ પટેલ સામે ચૂંટણી તંત્રમાં આચારસંહિતા ભંગ અંગે કાર્યવાહી કરવા ફરિયાદ કરવામાં આવી હતી.

# રાષ્ટ્રીય પક્ષો ગૌહત્યા પ્રતિબંધ માટે આગળ આવે - શ્રી હરિદાસ મહારાજ

અમદાવાદ,
લોકસભાની ચૂંટણીઓ ચાલુ છે તેવા સમયે રાષ્ટ્રીય પક્ષો ગૌહત્યા મુદ્દે કેમ ચુપ છે તેવો પ્રશ્ન બનાસકાંઠા ભડવેલ ના આચાર્ય શ્રી હરિદાસ મહારાજ દ્વારા કરવામાં આવ્યો છે.હરિદાસજી એ પત્રકારો સાથે ની વાતચીત દરમ્યાન જણાવ્યું હતું કે ભારત વિશ્વ માં દયા કરુણા ધરાવતો દેશ છે હિન્દૂ શીખ જૈન  બુદ્ધ વગેરે ધર્મ માં અહિંસા ના પાઠ ભણાવવામાં આવે છે છતાં કમનસીબી એ  છે કે એમના જ દેશ ના ગૌહત્યા થઈ રહી છે.ભારત ના અલગ અલગ સંતો મહા પુરુષો દ્વારા ગૌહત્યા રોકવામાં આવે તેવી સ્પષ્ટ વાત થઈ છે ગૌહત્યા પ્રતિબંધ થી ના માત્ર ધાર્મિક લાભ થશે પરંતુ આર્થિક સામાજિક ફાયદાઓ પણ થશે આથી દરેક રાષ્ટ્રીય પક્ષો એ ગૌહત્યા પ્રતિબંધ નો ચૂંટણી ઢંઢેરા માં સમાવેશ કરવો જોઈએ.

# હરણી તળાવ બોટ દુર્ઘટના મામલે તત્કાલીન વડોદરા મ્યુનિ.કમિ. સામે ડિસિપ્લિનરી પગલાં લેવા આદેશ

## હાઇકોર્ટે કહ્યું- કોન્ટ્રાક્ટ આપનારા તમામને નોકરીમાંથી દૂર કરી દેવા જોઇએ

વડોદરા,
ગત ૧૮ જાન્યુઆરીએ હરણી લેકઝોનમાં ૧૨ બાળક સહિત ૧૪ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ દુર્ઘટના મામલે હાઈકોર્ટમાં સુઓમોટો સુનાવણી થઈ રહી છે. આ સુનાવણી દરમિયાન હાઈકોર્ટે વડોદરાના તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર સામે ડિસિપ્લિનરી પગલાં લેવા માટે અર્બન હાઉસિંગના સેક્રેટરીને આદેશ કર્યો છે. આ તપાસ IAS નિયમોના પરિપ્રેક્ષ્યમાં થશે. આ ઉપરાંત હાઈકોર્ટે સવાલ કર્યો કે કોન્ટ્રાકટર પાસે લાયકાત ના હોવા છતાં પહેલી વખત કોન્ટ્રેક્ટ નહોતો અપાયો તો બીજી વખત ફક્ત બે મહિનામાં લાયકાત કેવી રીતે આવી ગઈ?

ગુજરાત હાઈકોર્ટમાં ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ અનિરૂદ્ધ માયીની બેન્ચ સમક્ષ વડોદરા હરણી તળાવ બોટ દુર્ઘટના મામલે સુઓ મોટો પિટિશન ઉપર આજે વધુ સુનવણી હાથ ધરાઈ હતી. ગત સુનવણીમાં કોર્ટે હરણી તળાવ રી-ડેવલોપમેન્ટ કોન્ટ્રાક્ટ આપવાના તમામ રેકોર્ડ કોર્ટ સમક્ષ મૂકવા જણાવ્યું હતું. જે મુદ્દે આજે વડોદરા મ્યુનિસિપલ કમિશ્નરે સોગંદનામા ઉપર તમામ રેકોર્ડ કોર્ટ સમક્ષ મૂક્યો હતો. ફસ્ઝના એડવોકેટે જણાવ્યું હતું કે આ કેસ સંદર્ભે કુલ ૧૧ ફાઇલો છે, જે આશરે ૦૪ હજાર પાનાની છે.આ એફિડેવિટમાં જણાવવામાં આવ્યું હતું કે સૌપ્રથમ જ્યારે હરણી તળાવને વિકસિત કરવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું ત્યારે બે વ્યક્તિઓએ બીડ ભરી હતી.

# સુરતમાં ૧૩ જગ્યાએ ચાલતા ગેસ રિફિલિંગ કૌભાંડનો પર્દાફાશ

## ૧૩ આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

સુરત
સુરતના કાપોદ્રા વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે ગેસ રિફિલિંગ કરવામાં આવતા નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. ગેસ રિપેરિંગની આડમાં ઘરેલુ ગેસ સિલિન્ડરમાંથી અન્ય સિલિન્ડરમાં ગેસ રિફિલિંગ કરવામાં આવતું હતું. પોલીસે ૭ કલાકનું ઓપરેશન હાથ ધરી ૧૩ દુકાન પર છાપો મારી સમગ્ર નેટવર્ક ઝડપી પાડ્યું હતું. જેમાં ૧૩ આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કાપોદ્રા પોલીસને માહિતી મળી હતી કે, કાપોદ્રા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ગેસ રિપેરિંગની આડમાં ગેરકાયદેસર રીતે ગેસ રિફિલિંગ કરવામાં આવી રહ્યું છે. જે માહિતીને આધારે પોલીસે આખું ઓપરેશન હાથ ધરી છાપો માર્યો હતો. કાપોદ્રા પોલીસ સ્ટેશનની ચાર જેટલી ટીમો બનાવવામાં આવી હતી. ૨૦ જેટલા પોલીસ કર્મીઓ દ્વારા દીનદયાળ વસાહત, મરઘા કેન્દ્ર વડવાળા શોપિંગ સેન્ટર, અક્ષર ડાયમંડ પાસે, રામકૃષ્ણ કોલોની ભરવાડ ફળિયા, મોહન બાગ બરોડા પ્રિસ્ટેઝ સહિતના વિસ્તારમાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

# અમદાવાદમાં એક જ રાતમાં બે હત્યા : બંને મૃતકમાંથી એક ઈસમ ૧૦ જેટલા ગુનામાં સંડોવાયેલો હતો

અમદાવાદ,
અમદાવાદમાં ગણતરીના કલાકોમાં જ એક જ રાતમાં હત્યાના બે બનાવો બન્યા છે. જેમાં પહેલી હત્યા નવરંગપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા આશ્રમ રોડ ઉપર આવેલા શીતલ આઈસ્ક્રીમ પાર્લર પાસે બન્યો હતો. અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં રાત્રે ૯:૩૦ વાગ્યાની આસપાસ જીતુ ઉર્ફે જીતેન્દ્ર દંતાણી નામનો રીક્ષા ચાલક રીક્ષા લઈને ઊભો હતો, તે સમયે આઈસ્ક્રીમ પાર્લર પર એક સગીર યુવક પોતાના નાના ભાઈ સાથે આવ્યો હતો અને દુકાનમાં હાજર કર્મચારી સાથે બોલાચાલી કરી રહ્યો હતો. તે દરમિયાન રીક્ષા ચાલક જીતુ દંતાણીએ તેને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારે સગીરે તેઓની સાથે ઝપાઝપી કરી હતી અને પોતાની પાસે રહેલી છરી મારી હતી.

આ ઘટનામાં રીક્ષા ચાલક યુવકનુ મોત નિપજ્યું છે. જે સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. આ ઘટનાની જાણ થતા નવરંગપુરા પોલીસની ટીમ સ્થળ ઉપર પહોંચી હતી અને સીસીટીવી તેમજ અન્ય બાબતો તપાસ કરી અંતે સગીર વિરુદ્ધ પગલા લીધા છે.

અમદાવાદમાં અન્ય એક બનાવ શહેરના દાણીલીમડા વિસ્તારમાં બિસમિલ્લાહ હોટલની પાછળ બન્યો હતો. જેમાં જુબેર કુરેશી નામના ૩૧ વર્ષીય યુવકની સૈયદ નામના આરોપીએ તિક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા નીપજાવી હતી. મહત્વનું છે કે બંને વચ્ચે છેલ્લા પાંચ મહિનાથી બોલાચાલી અને અદાવત ચાલતી હતી. જેના ભાગરૂપે ગઈકાલે ઝુબેરની એકલતાનો લાભ લઈ યુસુફે તેના પર હુમલો કર્યો હતો. આરોપીએ ગળાના અને છાતીના ભાગે જીવલેણ ઘા મારી ઈજાઓ પહોંચાડી તેની હત્યા નિપજાવી હતી. તેથી પોલીસે હત્યાનો ગુનો નોંધી ફરાર યુસુફની પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

નવરંગપુરામાં થયેલી હત્યામાં નિર્દોષનો જીવ ગયો છે. જે માત્ર ઝઘડામાં સમાધાન કરાવવા વચ્ચે પડ્યો હતો, તો બીજી તરફ દાણીલીમડામાં ૧૦ ગુનાના સંડોવાયેલ આરોપીની હત્યા થઈ છે.

# કચ્છમાં ૯ લોકોને રહેંસી નાંખનાર સામુહિક હત્યાકાંડનો આરોપી ૨૩ વર્ષે પકડાયો

ભુજ,
કચ્છના રાપરની સુરબાવાંઢમાં થયેલા સામૂહિક હત્યાકાંડનો ફરાર આરોપી આખરે ૨૩ વર્ષે ઝડપાયો છે. ફિલ્મી ઢબે આરોપીને પકડવા કચ્છના પોલીસ કર્મચારીઓ ભેંસના સોદાગર બન્યા હતા. ત્યારે કચ્છ પોલીસને મોટી સફળતા હાથ લાગી છે.

રાપરના સુરબાવાંઢ ગામે ગત તા. ૧૩-૬-૨૦૦૧ના સામૂહિક હત્યાકાંડ થયો હતો. જેમાં ૪૦ થી વધુ લોકોના ટોળાએ ધારિયા, કુહાડી, ભાલો, છરા, બંદુકો વગેરે હથિયારો ધારણ કરી ૯ લોકોને રહેંસી નાખ્યા હતા. આ ચકચારી બનાવમાં સંડોવાયેલા આરોપીને ૨૩ વર્ષ બાદ પ્લાનિંગ સાથે ઝડપી લેવામાં આવ્યો છે.

બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડીયા અને પૂર્વ કચ્છ પોલીસવડા સાગર બાગમારની સુચનાથી જિલ્લામા નાસતા ફરતાં આરોપીને શોધવા માટે સૂચના અપાઈ હતી. જેમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ તથા ટીમ પેટ્રોલિંગમા હતી, ત્યારે આ આરોપી વિશે બાતમી મળી હતી. બાતમીના આધારે રાપર તાલુકાના સુરબાવાઢ ગામે ૨૦૦૧માં થયેલા સામૂહિક હત્યાકાંડના આરોપી અરજણ રૂપાભાઈ કોલી (ઉ.વ. ૫૦) (રહે મૂળ સુરબાવાંઢ, હાલે રહે લાકડાવાંઢ) ને ઝડપી લેવાયો હતો.

આરોપીને ઝડપી લેવામાં પોલીસે ફિલ્મી ઢબે કામગીરી કરી હતી. આરોપી અરજણ ગુનો બન્યો ત્યારથી સતત ફરાર હતો. ભૂતકાળમાં પોલીસ જયારે પકડવા જતી ત્યારે ચકમો આપીને ભાગી જતો, જેથી તેને પકડવો મુશ્કેલ હતો. દરમિયાન એલસીબીના હેડ કોન્સ્ટેબલને બાતમી મળી કે, અરજણ લાકડાવાંઢમાં રહે છે, જેથી છકડામાં ડુંગળી બટેકા ભરી વેચવાના બહાને તેમજ ભેંસની લે-વેચ કરવાના બહાને રેકી કરી ખરાઈ કરી હતી. આ બાદ તેને પકડી લેવામાં જડબેસલાક પ્લાનિંગ કર્યુ હતું.

# અસામાજિક પ્રવૃતિઓમાં સંડોવાયેલ શહેર-જિલ્લાના અડધો ડઝન શખ્સોને પાસા હેઠળ જેલમાં મોકલાયા

## આગામી લોકસભાની ચૂંટણી સંદર્ભે ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની અસરકારક કામગીરી

ભાવનગર, તા.૨૬

ભાવનગર,લોકલ ક્રાઈમ બ્રાન્ચ તથા ભાવનગર જિલ્લાના ગંગાજળીયા, મહુવા, શિહોર તથા વલ્લભીપુર પોલીસ સ્ટેશન દ્વારા અગાઉ ઈંગ્લીશ દારૂની ગેરકાયદેસરની પ્રવૃતિઓમાં સંડોવાયેલ ઈસમો તથા માથાભારે ઈસમો વિરૂધ્ધ પાસા અંગેની દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગરનાંઓ તરફ મોકલી આપવામાં આવેલ હતી.જે અંગે જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા અસામાજિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ઈસમો વિરૂધ્ધ કરવામાં આવેલ દરખાસ્ત માન્ય રાખી કુલ-૦૬ ઈસમોને પાસા વોરંટની બજવણી કરી અટકાયત કરી ગુજરાત રાજયની અલગ-અલગ જેલોમાં મોકલી આપવામાં આવેલ.

ભાવનગર શહેર તથા જિલ્લાના ઈસમોમા ઈંગ્લીશ દારૂના ધંધા સાથે સંકળાયેલ ઈસમો ભાવેશભાઈ વીરાભાઈ વાસીયા ઉ.વ.૩૩ રહે.ઢસીયા વિસ્તાર, કુંડળ,વાઘનગર,મહુવા જી.ભાવનગર હાલ- જનતા પ્લોટ-૨,મગન કરશનના પુતળા પાસે,મહુવા જી.ભાવનગરને મધ્યસ્થ જેલ,વડોદરા, યોગેશભાઈ બાલકૃષ્ણભાઈ મહેતા ઉ.વ.૪૪ રહે.પ્લોટ નંબર-૨૬, કૃષ્ણનગર,



શિહોરને મધ્યસ્થ જેલ,રાજકોટ, નાગજીભાઈ માધાભાઈ સાંખટ ઉ.વ.૫૦ રહે. નેસડા વિસ્તાર, વીકટર, તા.રાજુલાને મધ્યસ્થ જેલ, સાબરમતી અમદાવાદ તથા કાર્તિક ઉર્ફે કાતરો રતિલાલભાઈ લકુમ ઉ.વ.૨૧ રહે.ચમારડી, તા.વલ્લભીપુર જી.ભાવનગર વાળાને મધ્યસ્થ જેલ, લાજપોર,સુરત તેમજ માથાભારે ઈસમો ઋત્વિક ઉર્ફે બાબા દિલીપભાઈ વેગડ ઉ.વ.૨૧ રહે.કુંભારનો ડેલો, ઘંટીવાળી ગલીમાં, ટીંબી ઉપર, નાની સડક, કરચલીયા પરા, ભાવનગરને મધ્યસ્થ જેલ, લાજપોર, સુરત તથા તોહીદ ઉર્ફે ડાકુ ઈકબાલભાઈ મંસુરી ઉ.વ.૨૩ રહે.કાગદીવાડ મસ્જીદ પાસે, રૂવાપરી રોડ, સાંઢીયાવાડ, ભાવનગરને મધ્યસ્થ જેલ, વડોદરા મોકલી આપવામાં આવ્યા હતા.

આમ આગામી લોકસભાની સામાન્ય ચુંટણી-૨૦૨૪ શાંત અને સૌહાર્દપુર્ણ વાતાવરણમાં પરિપુર્ણ થાય તેવી નેમ સાથે તંત્ર સજ્જ થઈને ગેરકાયદેસર પ્રવૃતિ અને માથાભારે ઈસમોની પ્રવૃતિને ડામી દઈ પ્રજામાં શાંતિનો માહોલ સ્થપાય તેવી કામગીરી કરેલ છે.

# હપ્તા નથી ભર્યા કહીને ફાયનાન્સ કંપનીના શખ્સો બાઈક ઉઠાવી ગયા

ભાવનગર, તા.૨૬

શહેરના આરટીઓ સર્કલથી જ્વેલર્સ સર્કલ તરફ બાઈક લઈને જઈ રહેલા યુવકને તે બાઈકના હપ્તા નથી ભર્યા તેમ કહી એલ એન્ડ ટી ફાયનાન્સ કંપનીના પાંચ શખ્સોએ યુવકને ગાળો આપી તેની જ્ઞાતિ અંગે અપમાનીત કરી

**કંપનીના મેનેજરે કોઈ ફાસીએ નહીં ચડાવી દે તેમ કહી ધમકી આપ્યાની નોંધાવાઈ ફરિયાદ**

બાઈક ઉઠાવી ગયા હોવાની પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

સિહોરની એકતાનગર સોસાયટીમાં રહેતા કેતન રામજીભાઈ મકવાણાએ અજયસિંહ, બ્રિજરાજસિંહ તેમજ ત્રણ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી કે તેણે એલ એન્ડ ટી ફાયનાન્સ કંપનીમાંથી ફાયનાન્સ પર બાઈકની ખરીદી કરી હતી. આરોપીઓએ તે બાઈકના હપ્તા નથી ભર્યા તે કહેતા ફરિયાદીએ બાઈકના તમામ હપ્તા ભરેલા છે અને એજન્ટને નિયમીત પૈસા ચૂકવ્યા તેમ જણાવ્યું હતું. જો કે, તેમ છતાં આરોપીઓએ બાઈક લઈ લધી હતી. આ બનાવ અંગે ફરિયાદીના પિતાએ મેનેજર બ્રિજરાજસિંહને ફરિયાદ કરતા તેમણે ફરિયાદ ન કરવાનું જણાવી કોઈ ફાંસીએ ચડાવી નહી દે તેમ જણાવી ધમકી આપી હતી. નિલમબાગ પોલીસે આ અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ફિઝીયોથેરાપી- ઓક્યુપેશનલ થેરાપી તપાસ કેમ્પ યોજાશે

ભાવનગર, તા.૨૬

પી.એન.આર.સોસાયટી દ્વારા સામાન્ય વ્યક્તિઓ માટે તા.૩૦ને મંગળવારના રોજ નટરાજ કોલેજ કેમ્પસ, કાળિયાબીડ, ભાવનગર ખાતે સવારે ૧૦ થી ૨ સુધી રાહત દરે ફિઝિયો તથા ઓક્યુપેશનલ થેરાપી તપાસ, સારવાર રાખેલ છે. જેમાં ફ્રોજન શોલ્ડર, કમર તથા હાથ-પગના સાંધાના દુખાવા, ફ્રેક્ચર/સાંધા બદલ્યા પછીની સારવાર, લીગામેંટની ઈજાની સારવાર, પેરાલિસિસ અથવા બ્રેઈન સ્ટ્રોકની સારવાર, સેરેબ્રલ પાલ્સી(બાળકો તથા યુવાનો), પાર્કિસન રોગમાં હલનચલનની સારવાર, અતિ ચંચલતા, શીખવામાં અક્ષમતા (LD) ઓટિઝમ માટે સેન્સરી થેરાપી. ABA થેરાપી વગેરે અંગે ડો.પ્રવિણભાઈ દેશમુખ (સિનિયર ઓ.ટી.), ડૉ.દ્રષ્ટિબેન ભટ્ટ (MPT), ડૉ.કૂનાલભાઈ મિસ્રિ (MPT), ડૉ.વિધિબેન વકાણી (BPT), ડૉ.આયુષીબેન ત્રિવેદી (BPT) દ્વારા તપાસ, સારવાર તથા માર્ગદર્શન આપવામાં આવશે. રસ ધરાવતા વ્યક્તિઓએ ઉપરોક્ત સ્થળ પર અથવા નં. ૯૪૨૭૪૨૩૭૫૭ ઉપર સંપર્ક સાધવો.

# તળાજા પાલિતાણા ફોરલેનના કામમાં ગોકળગાયની ગતિથી વાહન ચાલકો તોબા

**ફોરલેન કાર્યરત થાય તો હાઈવેના ટ્રાફિકનું ભારણ પણ ઓછું થાય**

ભાવનગર,તા.૨૬

તળાજાથી પાલિતાણા ડબલ પટ્ટી સ્ટેટવે ફોરલેન નવીનીકરણનું કામ ઘણા વખતથી ગોકળગાયની ગતિએ અધૂરૂ રહેલ હોય તળાજા પાલિતાણા રોડ ખૂબ જ અગત્યનો હોય તેને પુરી પૂર્ણ કરવા માટે જે કોઈ અડચણ હોય તે વહેલીતકે દૂર કરીને આ અગત્યનો માર્ગ રાષ્ટ્રીય ધોરીમાર્ગની જેમ ઝડપથી કાર્યરત કરવા આ વિસ્તારના લોકોની માંગ વધતી જાય છે.

અગાઉ ગયા વર્ષે તળાજાના ધારાસભ્ય ગૌતમભાઈ ચૌહાણએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત રજૂઆત કરી આ કામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવા જણાવેલ હતુ પરંતુ આ કામમાં ખાસ ગતિ આવી ન હતી હતી. હાલ પાલિતાણાથી રાજસ્થળી સુધી ફોરલેનની કામગીરી પૂર્ણ કરી હોવાનો માર્ગ અને મકાન વિભાગના દાવો છે પરંતુ આગળના રસ્તાના કામમાં કોઈપણ અડચણના કારણે કામ ગોકળગાયની જેમ ચાલતું હોય તેમાં ક્યારે ગતિ આવશે અને યોજના મુજબ તળાજા પાલિતાણા માર્ગ ફોરલેનમાં પરિવર્તન પામશે. તેની તળાજા તથા આ વિસ્તાર માં આવતા ગામના વાહન ચાલકો અને પ્રજાજનો રાહ જોઈ રહ્યા છે.

તળાજા પાલિતાણા સ્ટેટ હાઈવેને ડબલ પટ્ટી ફોરલેન બનાવવાનું ચાલુ કામ ઘણા સમયથી અત્યંત ધીમીગતિએ ચાલી રહેલ છે તે કામ અધુરૂ હોવાથી આ રોડ પરના તમામ પ્રકારના વાહન વ્યવહારને મુશ્કેલી પડી રહી છે. ભાવનગર, તળાજા, મહુવા, સોમનાથ નેશનલ હાઈવેની જેમજ તળાજાથી પાલિતાણા માર્ગની ખૂબ જ અગત્યતા છે. તળાજાથી પાલિતાણા, જેસર, સોનગઢ સહિતના જૈન ધર્મસ્થાનો તથા બગદાણા ગુરુ આશ્રમ તેમજ માંગલ ધામ ભગુડા તરફ જતા વાહન વ્યવહાર તેમજ યાત્રિકો માટે આ રોડ ખૂબ જ ઉપયોગી છે.

# દેવેનભાઈની ધગશ જોતા ભાવેણુ ગુજરાતનું સૌથી વધુ હરીયાળુ શહેર બનશે : પદ્મવિભૂષણ જગદીશ ત્રિવેદી

## પદ્મવિભુષણ એવોર્ડથી નવાજીત ડૉ. જગદીશભાઈ ત્રિવેદીનું "ગ્રીનસીટી" દ્વારા સન્માન કરાયુ

ભાવનગર, યા.૨૬

તાજેતરમાં જ દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા ગૃહપ્રધાન અમિતભાઈ શાહની પ્રેરક હાજરીમાં રાષ્ટ્રપતિના વરદ્ હસ્તે ડૉ.જગદીશભાઈ ત્રિવેદીને પદ્મવિભુષણ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. તેઓ આ સન્માન પ્રાપ્ત કરી દિલ્હીથી ભાવનગર બુધાભાઈ પટેલના ઘરે મહેમાન બન્યા હતા. ગુરુવારના રોજ ગ્રીનસીટી સંસ્થાને પ્રોત્સાહિત કરવા વૈદ્ય રસિકભાઈ શેઠ માર્ગ પર વૃક્ષારોપણ કર્યું હતુ અને તેઓઓ જણાવ્યું હતું કે એવોર્ડ મળ્યા પછી તુરંત જ મને વૃક્ષારોપણ કરવાની તક મળી તે માટે હું ગ્રીનસીટી સંસ્થાનો આભારી છું. તેઓએ જણાવ્યું હતું કે હાલમાં ભાવનગરમાં ગુજરાતમાં બીજા ક્રમે હરીયાળી છે, પરંતુ દેવેનભાઈ શેઠની ધગશ, મહેનત જોતા મને ખાત્રી છે કે ટુંક સમયમાં ભાવનગર ગુજરાતનું સૌથી વધુ હરીયાળુ શહેર બની જશે.

ગ્રીનસીટીના દેવેનભાઈ શેઠ તથા મલ્લીકાબેન શેઠએ નાનકડુ વૃક્ષ આપીને જગદીશભાઈ ત્રિવેદીનું અભિવાદન કર્યુ હતું. કિલોનભાઈ મહેતાએ શેઠ બ્રધર્સના સ્વર્ગસ્થ રસિકભાઈ શેઠના સંઘર્ષને આલેખતુ "છલાંગ" પુસ્તક આપીને જગદીશભાઈનું સ્વાગત કર્યું હતું. ખાદ્યખોરાકના હિમાચલભાઈ



મહેતાએ ભાગવત ગીતાનું પુસ્તક આપીને જગદીશભાઈનું સવાગત કર્યું હતું. આ પ્રસંગે શેઠ બ્રધર્સના અશોકભાઈ શેઠ કે જેમના જગદીશભાઈ ત્રિવેદી ખાસ મિત્ર છે તેઓ પણ હાજર રહ્યા હતા. આ આખો વૃક્ષારોપણનો કાર્યક્રમ બુધાભાઈ પટેલની મહેનતના કારણે શકય બન્યો હોવાનું દેવેનભાઈ શેઠે જણાવ્યું હતું.

# મોરારીબાપુની પ્રેરણાથી ધરમપુર ખાંડામાં વનવાસી ૫૦ કન્યાઓને સાયકલ વિતરણ

## બેટી બચાવો, બેટી ભણાવોના સૂત્રને સાકાર કરવા બાપુની દરેક કથામાં થતું સામાજીક કાર્ય

ભાવનગર,તા.૨૬

તાજેતરમાં પૂ. મોરારીબાપુની ૯૩૪ ની રામકથા માનસ સંવતસર યોજાઈ આ પ્રસંગે ધરમપુરના ખાંડા વિસ્તારમાં સરકારી પ્રાથમિક શાળા તેમજ ભવાડા ખોરી ફળિયા, ઉપલા ફળિયા સાંવરમાળ, અંબા તલાટ, ડુંગર સેત ફળિયા, ભવાડા સજની બરડા જેવી પ્રાથમિક શાળાઓમાં ધોરણ પાંચથી સાતમાં જે કન્યાઓ શાળાથી દૂર, બેથી ત્રણ કિલોમીટર પગપાળા અભ્યાસ કરવા માટે આવે છે, તેવી ખાંડા ગામની ૨૫ કન્યાઓને તથા આજુબાજુની શાળાઓમાંથી ૨૫ કન્યાઓને પૂ. બાપુની પ્રેરણાથી સાયકલ અર્પણ કરવામાં આવી.



મોરારીબાપુની માનસ આચાર્ય રામકથા ૯૧૭ ગાંધીનગરના અનુસંધાને તેઓની પ્રેરણાથી બેટી બચાવો બેટી ભણાવો આહવાન સર તલગાજરડાના નિવૃત્ત શિક્ષક રાષ્ટ્રપતિ અને ચિત્રકૂટ એવોર્ડ વિજેતા જીતેન્દ્ર વાજા દ્વારા બાપુની કરુણાથી નિમિત માત્ર બની, આરતી મહિલા વિકાસ સંઘના માધ્યમથી સમગ્ર દેશમાં બાપુની કથામાં અભિયાન ચલાવી રહ્યા છે. જે બાબતે ધરમપુર ખાંડા ૯૩૪ની રામકથામાં મહામાનવ ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ૧૩૩ મી જન્મ જયંતી અને સૌના આરાધ્યદેવ પ્રભુ શ્રીરામની જન્મ જયંતી ઉત્સવ પ્રસંગે, પૂ. બાપુએ વનવાસી કન્યાઓને, જે અંતરિયાળ વિસ્તારની અતિ ગરીબ પરિવારની કન્યાઓ છે તેઓના શિક્ષણ ને ગતિમાન અને વેગવંતુ બનાવવા સાયકલ અર્પણ કરી હતી.

# આંબેડકર છાત્રાલયમાંથી ખાદ્ય પદાર્થના ફરી નમુના લેવાયા

**વિદ્યાર્થીઓની ફરિયાદ બાદ તંત્રએ ગંભીરતાથી કાર્યવાહી હાથ ધરી**

ભાવનગર,તા.૨૬

શહેરની ડોક્ટર બાબા સાહેબ આંબેડકર સરકારી કુમાર છાત્રાલયમાં વિદ્યાર્થીઓને ભોજનમાં અખાદ્ય પદાર્થ અપાતા હોવાની ફરિયાદ મામલે તંત્રએ ગંભીરતા લઈ ૧લી એપ્રિલ થી અત્યાર સુધી ત્રણ વાર આકસ્મિક તપાસ કરી જુદા જુદા ખાદ્ય પદાર્થના ૯ નમુના લેવામાં આવ્યા હતા.

ડોક્ટર બાબા સાહેબ આંબેડકર કુમાર છાત્રાલયના વિદ્યાર્થીઓ દ્વારા તેઓને પીરસવામાં આવતા ભોજનમાં જીવ જંતુ અને ઈયળો હોવાની ફરિયાદ કલેકટરને કરી હતી ત્યારબાદ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા તત્કાલીન સમયે ૧લી એપ્રિલે રાંધેલા ખોરાક, તેલ અને ઘઉંના લોટ સહિતના ચાર નમૂના લીધા હતા. ત્યારબાદ છઠ્ઠી એપ્રિલે પણ આકસ્મિક તપાસ ભોજનના સમયે કરી હતી અને પીવાના પાણી, ભાત તેમજ સબ્જીનો પણ નમૂનો લીધો હતો. અને ગુરુવારે પણ સબ્જી તેમજ કપાસિયા તેલનો નમૂનો લઈ લેબોરેટરી ટેસ્ટ માટે મોકલવામાં આવ્યા હતા.

# ૧૪ નાળા આંગણવાડીમાં ખડકાયેલા દબાણો જપ્ત

ભાવનગર,તા.૨૬

ફુલસરની આંગણવાડીની જગ્યા ખુલ્લી કરાયા બાદ ૧૪ નાળા પાસેની આંગણવાડીમાં ખડકાયેલા દબાણો તંત્રએ જપ્ત કર્યા હતા. ૧૪ નાળા પાસે આવેલી આંગણવાડીમાં આસપાસના રહીશો અને દુકાનદારોએ પોતાની ચીજ વસ્તુઓ મૂકી દબાણ કર્યું હતું. જેની જાણ આઈસીડીએસ વિભાગ દ્વારા દબાણ હટાવ સેલને કરવામાં આવતા આંગણવાડી કેન્દ્ર નંબર ૮૩માં રાખવામાં આવેલ લોખંડનો બાકડો, દરવાજા, બારી, વોશબેસિન અને સિમેન્ટના પતરા જપ્ત કરવામાં આવ્યા હતા. તદુપરાંત ફુલસર પાસેના વિશ્વકર્મા સોસાયટીના ટીપી સ્કીમ પ્લોટ નંબર ૩૩ માંથી પણ બારી, દરવાજા પ્લાસ્ટિકની પાણીની ટાંકી સહિતનું જપ્ત કર્યું હતું.

# શંકર સુવન હનુમાનજી મંદિરે અખંડ હનુમાન ચાલીસા પાઠ

ભાવનગર,તા.૨૬

શહેરના બારસો મહાદેવની વાડી સામે પિલગાર્ડન પાસે આવેલા શંકરસુવન હનુમાનજીના પ્રાગણમાં વિશ્વશાંતિ તથા વિશ્વ કલ્યાણ અર્થે મંદિરના મહંત કરુણાશંકર દાદાજીના આયોજન તળે અખંડ ૨૪ કલાક હનુમાન ચાલિસાના પાઠ તા.૨૭-૦૪ ને શનિવારે સવારે ૫ કલાક થી રવિવાર સવારના ૫ કલાક સુધી રાખેલ છે. પૂ. કરુણાશંકર દાદાજી તેમજ નાની બાલિકાઓના વરદ હસ્તે દિપ - પ્રાગટ્ય થશે. હનુમાન ચાલીસાના પાઠ દરમિયાન સંતો , મહંતો , કથાકારો વિવિધક્ષેત્રના મહાનુભાવો તેમજ વિવિધ ધાર્મિક મંડળો પધારશે.

# PNR સોસાયટી ખાતે વિશ્વ પાર્કિન્સન્સ દિવસની કરાઈ ઉજવણી

ભાવનગર, તા.૨૬

BKPPDMDS, મુંબઈ અને ભાવનગરની PNR સોસાયટીના સંયુક્ત ઉપક્રમે નટરાજ કોલેજ કેમ્પસ, ઓડિટોરિયમ ખાતે તા. ૨૫ને ગુરૂવારના રોજ ભાવનગરમાં ચાલતા પાર્કિન્સન્સ ડિસીઝ સપોર્ટ ગ્રુપ દ્વારા, વિશ્વ પાર્કિન્સન્સ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

OSD કે. ડી. પડિયા દ્વારા પ્રારંભ અને દસેક વર્ષથી નિયમિત ગતિમાન થઈ રહેલી આ વરિષ્ઠોની અક્ષમતાને સ્વીકારી સેલિબ્રેશનમાં પ્રવૃત્ત કરવાની પ્રવૃત્તિનો પરિચય આપતા શાબ્દિક સ્વાગત કરાયેલ હતું. ગૌતમભાઈ ગર્જ્જર દ્વારા પ્રાર્થના બાદ ચિફ ગેસ્ટ અને સંસ્થાના માનદ મંત્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર અને ગેસ્ટ ઓફ ઓનર હર્ષકાન્તભાઈ રાખશિયાને પૂષ્પગુચ્છથી આવકાર્યા હતાં. આ પ્રસંગે BKPPDMDS મેમ્બર્સએ તૈયાર કરેલ મનોરંજક કૃતિ "મોતી વેરાણા", "જોક્સ", "જીતેંગે" ડાન્સની પ્રસ્તુતિ કરી હતી. ડો. અમિત મિત્રાએ આભારવિધિ તથા ડો. ચાંદની લાખાણી તથા ડો. દિશાબેન દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવેલ હતું. આ તકે લાભાર્થીઓએ અભિપ્રાય રજૂ કર્યા હતાં.

# ડૉ. આંબેડકર યુનિ.ના વિદ્યાર્થીઓ વીડિયો લેક્ચર થકી ઓનલાઈન અભ્યાસ કરી શકશે

ભાવનગર, તા.૨૫

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલગુરૂની અધ્યક્ષતામાં ભાવનગર પ્રાદેશિક કચેરીની નીચે આવતા ૨૦ જેટલા અભ્યાસ કેન્દ્રોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શહેરના આંગણે ગત બુધવારના રોજ નિ:શુલ્ક વિદ્યાર્થી માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો.

શહેરના યશવંતરાય નાટ્યગૃહ ખાતે યોજાયેલાં માર્ગદર્શન સેમિનારમાં વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારને સંબોધતા યુનિ.ના કુલગુરૂ ડૉ. અમીબેન ઉપાધ્યાયે અધ્યક્ષિય ઉદ્બોધન કરતાં જણાવ્યું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા કંપનીઓ સાથે એમ.ઓ.યુ. કરી વિદ્યાર્થીઓને રોજગારી પૂરી પાડવામાં આવી રહી છે. ઉપરાંત, યુનિ.દ્વારા ઓન ડિમાન્ડ એક્ઝામ સહિતના પ્રકલ્પો તેમજ હાલમાં કાર્યરત વિવિધ વર્ગોના વિદ્યાર્થીઓ માટે ગાર્ગી સેન્ટર, દિવ્યાંગો, વિકલાંગો, કિન્નરો તેમજ કેદીઓ માટે અભ્યાસની તકો પૂરી પાડવામાં આવતી સુવિધાઓ અંગે તેમણે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. તથા યુનિવર્સિટી હાલમાં તેના સંકલ્પ સૂત્ર "એજ્યુકેશન ફોર ઓલ"ના સંકલ્પને સાકાર કરી હોવાનું જણાવ્યું હતું.

તો, તેમણે વિદ્યાર્થીઓને માહિતી આપતા ઉમેર્યું કે,યુનિવર્સિટી દ્વારા હાલમાં સોશિયલ મીડિયાના માધ્યમથી વીડિયો લેકચર પ્રસિદ્ધ કરાવી વિદ્યાર્થીને અભ્યાસમાં સરળતા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. જ્યારે યુનિવર્સિટીની વેબસાઈટને ગુજરાતીમાં તૈયાર કરાવવાની સાથોસાથ જે રીતે યુનિવર્સિટી દ્વારા શ્રેષ્ઠ પ્રાદેશિક કચેરીનો એવોર્ડ એનાયત કરવામાં આવે છે તે રીતે શ્રેષ્ઠ અભ્યાસ કેન્દ્ર તેમજ સોશિયલ મીડિયાનો



હકારાત્મક અભિગમ સાથે શ્રેષ્ઠ ઉપયોગ કરનાર વિદ્યાર્થીને એવોર્ડ એનાયત કરવાનો પણ આ સેમિનારમાં સંકલ્પ જાહેર કરવામાં આવ્યો હતો. તેમજ તેજતૃષાના સાંસ્કૃતિક કાર્યક્રમના માધ્યમથી યુવાથી લઈ વૃદ્ધ સુધીના વય જૂથના પ્રતિભાવંત

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.ના કુલગુરુ ડૉ.અમી ઉપાધ્યાયએ ભાવિ સંકલ્પોની રૂપરેખા વ્યક્ત કરી**

વિદ્યાર્થીઓને તક મળતી હોવાનો પણ ઉલ્લેખ કરી વિદ્યાર્થીઓને સહ અભ્યાસક પ્રવૃત્તિમાં જોડાવા પણ સતત પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તો ભારતીય શિક્ષા મંડલના યુવા આયામ દ્વારા આગામી સમયમાં આયોજીત શોધપત્ર લેખન પ્રતિયોગિતા અંગે પણ વિગત આપી હતી.

જ્યારે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિવિધ વિભાગોના અધિકારીઓ ડૉ. હિમાંશુ પટેલે પરીક્ષાલક્ષી, ડૉ. અર્ચના મિશ્રાએ પ્રવેશ બાબતે ડૉ. કૃતિ છાયાએ સ્વાધ્યાય અંગે, ડૉ. દિગીશ વ્યાસ દ્વારા મટીરીયલ્સ, તેમજ ડૉ. વિનોદ માજીરાણા દ્વારા શિષ્યવૃત્તિ અંગે જીણવટભરી માહિતી પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ડૉ.ધવલ પંડ્યાએ વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોના જવાબ આપ્યા હતા.આ કાર્યક્રમમાં ભાવનગર પ્રાદેશિક કેન્દ્ર અંતર્ગતના અભ્યાસ કેન્દ્રોના સંચાલકો, સહ સંયોજકો તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા માર્ગદર્શન સેમિનાર સંચાલન ડૉ. ધર્મેન્દ્રસિંહ ગોહિલ તેમજ આભાર ડૉ.દિપ્તીબા ગોહિલ દ્વારા કરવામાં આવી હતી. જ્યારે આયોજનમાં પ્રિયંકાબેન રાજ્યગુરુ તેમજ પ્રણવભાઈ રાણા જોડાયા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

# ધર્મના આધારે અનામત નહીં

ભારત બિનસાંપ્રદાયિક દેશ છે આ દેશનો કોઇ પણ નાગરિક પોતાના અંતરાત્મના અવાજ મુજબ પોતાનો ધર્મ પાળી શકે છે ધર્મ એ વ્યક્તિગત બાબત છે જ્યારે ધર્મને આધારે અનામત આપવામાં આવે છે ત્યારે વિવિધ પ્રકારના સમુદાયના લોકોની વચ્ચે એક પ્રકારનો અલગાવ ઉભો થાય છે અનેક સમસ્યાઓ ઊભી થાય છે આ બધું થતું હોવા છતાં રાજકારણમાં ધર્મને આધારે અનામત આપવાની પ્રથા કોંગ્રેસે શરૂ કરી હતી. જે બિલકુલ વ્યાજબી બાબત નહોતી.

કોંગ્રેસે ધર્મના આધારે અનામત વધારવાનો પ્રયત્ન કર્યો છે અને મુસ્લિમોને તે અનામતનો લાભ આપ્યો છે. કોંગ્રેસે દેશના લોકોની સંપત્તિ છીનવી લઈને પસંદગીના લોકોમાં તેને વહેંચવાનું ઊંડું ષડયંત્ર રચ્યું છે, એવો ગંભીર આક્ષેપ વડા પ્રધાને ફરીથી કોંગ્રેસ ઉપર કર્યો હતો. કોંગ્રેસના શાસનમાં કોઈ વ્યક્તિને તેની શ્રદ્ધા મુજબ ધર્મનું પાલન કરવામાં તકલીફ થતી હતી.તેમના શાસનમાં હનુમાન ચાલીસા સાંભળવું કે તેનો પાઠ કરવો પણ એક ગુનો બને છે. સપ્તાહે સમગ્ર દેશમાં હનુમાન જન્મોત્સવની ઉજવણી થઈ હતી ત્યારે મોદીનું આ નિવેદન આવ્યું છે.

૨૦૦૪માં જ્યારે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર આવી ત્યારે -સૌપ્રથમ આંધ્ર પ્રદેશમાં એસસી અને એસટીની અનામત બેઠકો ઓછી કરીને તે મુસ્લિમોને આપી હતી. આ તબક્કે મોદી તમને ખુલ્લાંદિલે ગેરન્ટી આપે છે કે દલિત અને પછાત વર્ગનું આરક્ષણ ક્યારેય સમાપ્ત નહીં થાય અને ધર્મના નામે કોઈની પણ સાથે અનામતની વહેંચણી નહીં થાય.

કોંગ્રેસે હંમેશાં વોટ બેન્કના રાજકારણને નજરમાં રાખીને શાસન કર્યું છે. ૨૦૦૪માં સત્તા પર આવ્યા બાદ કોંગ્રેસે સૌપ્રથમ આંધ્ર પ્રદેશમાં એસસી-એસટીની અનામત ઘટાડીને મુસ્લિમોને આપી હતી. સમગ્ર દેશમાં આ પ્રોજેક્ટનો અમલ કરવા માટે પહેલા આંધ્ર પ્રદેશમાં તેનો અમલ થયો હતો. કોંગ્રેસે આંધ્ર પ્રદેશમાં ચાર વાર આ પ્રોજેક્ટ લાગુ કરવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ કાયદાકીય રુકાવટો અને સુપ્રીમ કોર્ટની જાગૃતિને કારણે તેમનો ઇરાદો સફળ થયો ન હતો.૨૦૧૧માં કોંગ્રેસે સમગ્ર દેશમાં તેનો અમલ કરવાનો પ્રયત્ન કર્યો હતો. કોંગ્રેસે ત્યારે ૨ એસસી, એસટી અને ઓબીસીના હક્કો છીનવી લઈને અન્ય લઘુમતીને આપ્યા હતા. કોંગ્રેસે આ ઇરાદાપૂર્વક કર્યું હતું અને તેના માટે બી.આર. આંબેડકરે રચેલા ભારતના બંધારણની પરવા કરી ન હતી. 'કોંગ્રેસ ફરીથી દલિતો અને પછાત વર્ગના આરક્ષણમાંથી મુસ્લિમ લોકોને આરક્ષણ ફાળવશે?' એવો પ્રશ્ન મતદાતાઓએ કોંગ્રેસને કરવો જોઈએ ભાજપ જ્યારે કર્ણાટકમાં સત્તા પર આવ્યો ત્યારે સૌપ્રથમ એસસી-એસટીના આરક્ષણના જે ક્વોટા મુસ્લિમ લોકોને ફાળવી દીધાં હતાં તે રદબાતલ કરવામાં આવ્યા હતા. દેશમાં અનામતની બંધારણીય મર્યાદા ૨૦૨૦માં સમાપ્ત થતી હતી. તે સમયે મોદીએ દલિતો અને જનજાતિઓની મર્યાદા વધુ ૧૦ વર્ષ માટે લંબાવી હતી.

કોંગ્રેસ અને તેના ઈન્ડિ સાથી પક્ષોનું વોટ બેન્કનું રાજકારણ ખુલ્લું પડી ગયા બાદ નારાજ થઈ ગયા હતા. કોંગ્રેસ લોકોની સંપત્તિ છીનવી લઈને તેમની પસંદગીના લોકોમાં વહેંચી દેવાનું કાવતરું ઘડી રહ્યો છે અને તેમણે લોકોની સમક્ષ આ સત્ય પ્રગટ કર્યું છે, એમ મોદીએ જણાવ્યું હતું કોંગ્રેસે અનામતમાં પરિવર્તન કરીને તેનો અમલ કર્યો અને મોદીએ તે ખાનગી બાબત જાહેર કરી.



## ફ્રાઇડે ફોટો સ્ટોરી


- જયદીપ એ. દવે.

## વનીકરણના ભોગે શહેરીકરણ...

શહેરી કરણની ઘેલછામાં ( કે મજબૂરીમાં...) આપણે વૃક્ષોનું છેદન કરી પ્રકૃતિનો વિસ્તાર ઘટાડતા જઈએ છે.શહેરીકરણ ની દોડ માં આપણે વનીકરણ ની અગત્યતા ચુકી જતા શહેરી વિસ્તારોમાં રાની પશુઓની હાજરીની ઘટનાઓ રોજિંદી બની ગઈ છે. તો આબોહવાની દ્રષ્ટિએ પણ આપણે ગરમી, પુર જેવી કુદરતી આફતો સ્વરૂપે માઠા પરિણામો ભોગવી રહ્યા છીએ. ત્યારે આ તસવીર આજની પરિસ્થિતિનો ચિતાર આપી જાય છે. ત્યારે બોરતલાવ પરની આ તસવીરમાં એક બાજુ પ્રાકૃતિક સંપદા સમાન બોરતલાવ અને બીજી બાજુ વિકસી અને વિસ્તરી રહેલા સિમેન્ટના જંગલોને અલગ પાડતા રસ્તા પરથી આ બાબત ચિંતિત ભાવે વોકિંગ કરતા આ વડીલ નું દ્રશ્ય આપને પ્રકૃતિની રક્ષા માટે જાગૃત થવા માટે નો વેક અપ કોલ નથી લાગતું...???

# એલોન મસ્ક ટૂંક સમયમાં લોન્ચ કરશે ટીવી એપ

## એપ વિશે માહિતી આપતું X TVનું ૧૦ સેકન્ડનું ટીઝર પણ રિલીઝ કરવામાં આવ્યું





એલોન મસ્ક તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Xને સંપૂર્ણપણે બદલવામાં વ્યસ્ત છે. એલોન મસ્કએ ટ્વિટરના માલિક બન્યા બાદ તેમાં તેમણે ઘણા ફેરફાર કર્યા છે. હવે એલોન મસ્ક વધુ એક મોટો ફેરફાર કરવા જઈ રહ્યા છે. સમાચાર છે કે Elon સેજા ટૂંક સમયમાં X TV એપ લોન્ચ કરશે જે ટીવી માટે હશે, એટલે કે Xનો ઉપયોગ TV પર પણ કરી શકાશે.

X TV એપ વિશે માહિતી આપતું X TVનું ૧૦ સેકન્ડનું ટીઝર પણ રિલીઝ કરવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં એમ કહી શકાય કે સ્માર્ટ ટીવી માટે ટૂંક સમયમાં એક્સ ટીવી એપ બહાર પાડવામાં આવશે.

Xના CEO લિન્ડા યાકેરિનોએ પણ થોડા દિવસો પહેલા કહ્યું હતું કે નાના પડદાથી લઈને મોટા પડદા સુધી X દરેક વસ્તુને બદલી રહી છે. ટૂંક સમયમાં અમે X TV એપ વડે તમારા સ્માર્ટ ટીવી પર રીઅલ-ટાઇમ આકર્ષક કન્ટેન્ટ લાવીશું. અગાઉ ગયા મહિને એલોન મસ્કે પણ ટીવી એપ વિશે માહિતી આપી હતી.

લિન્ડાના જણાવ્યા અનુસાર, યુઝર્સને X TV એપ પર ઉચ્ચ ગુણવત્તાની સામગ્રી મળશે. આ સિવાય યુઝર્સ Xના કન્ટેન્ટને મોટી સ્ક્રીન પર પણ જોઈ શકશે. વપરાશકર્તાઓને વ્યક્તિગત દૃશ્ય પણ મળશે. આ એપ દ્વારા યુઝર્સને તેમના મોબાઈલના કન્ટેન્ટ ટીવી પર જોવાની સુવિધા પણ મળશે.એલોન મસ્ક ધીમે ધીમે ઠ વીડિઓ પ્લેટફોર્મ તરફ આગળ વધી રહ્યા છે. થોડા દિવસો પહેલા જ તેમણે એક વિદેશી ન્યૂઝ ચેનલના પ્રખ્યાત એન્કર સાથે એક્સક્લુઝિવ શોમાં ભાગીદારી માટે મુલાકાત કરી હતી. આ સિવાય યુટ્યુબર મિસ્ટર બીસ્ટએ તેના એક વિડિયોમાંથી X માંથી $૨,૫૦,૦૦૦ ની કમાણી કરી છે, જેના પછી X કમાણી મામલે કન્ટેન્ટ ક્રિએટર્સ વચ્ચે ખૂબ જ લોકપ્રિય બની ગયું છે.

# અમેરિકામાં, ડોકટરોએ ડુક્કરની કિડની ટ્રાન્સપ્લાન્ટ કરી મહિલાનો બચાવ્યો જીવ



અમેરિકામાં એક ખૂબ જ મહત્વપૂર્ણ સર્જરી કરવામાં આવી છે, જે મેડિકલ ક્ષેત્રે માઈલસ્ટોન સાબિત થઈ શકે છે. હકીકતમાં, અમેરિકાના ન્યુ જર્સીમાં સર્જનોએ એક મહિલાના શરીરમાં સંયુક્ત હાર્ટ પંપ અને પિગની કિડની ટ્રાન્સપ્લાન્ટ કરી છે. આ પ્રથમ વખત છે જ્યારે સંયુક્ત હૃદય પંપ અને પિગની કિડની માનવમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે.

આ સર્જરી ન્યુ જર્સીના એનવાયયુ લેંગોન ખાતે કરવામાં આવી હતી. વાસ્તવમાં, ન્યુ જર્સીની રહેવાસી ૫૪ વર્ષની લિસા પિસાનો હાર્ટ ફેલ્યોર અને છેલ્લા સ્ટેજની કિડનીની બિમારીથી પીડિત હતી. તેને નિયમિત ડાયાલિસિસની જરૂર હતી. ઘણા સમયથી લિસા હાર્ટ અને કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવવાનો પ્રયાસ કરી રહી હતી, પરંતુ અમેરિકામાં ઓર્ગન ડોનર્સની અછતને કારણે તે અંગો મેળવી શકી ન હતી.

સર્જરી બાદ લિસાએ કહ્યું કે જ્યારે મારી સાથે પહેલીવાર આ ઓપરેશન વિશે વાત કરવામાં આવી ત્યારે મેં કહ્યું કે હું ચોક્કસપણે આનો પ્રયાસ કરવા માંગીશ. સર્જરી બાદ લિસાએ ICUમાં પોતાના બેડ પરથી મીડિયા સાથે વાત કરી હતી.

લિસાએ જણાવ્યું કે તે તમામ પ્રકારની સારવાર કરાવ્યા બાદ થાકી ગઈ હતી અને હાર્યો હતો. તેથી જ્યારે ડોકટરોએ મને પિગની કિડની ટ્રાન્સપ્લાન્ટ વિશે જણાવ્યું, ત્યારે મેં ખુશીથી તેનો સ્વીકાર કર્યો. લિસાએ આગળ કહ્યું, 'આશા છે કે હવે મને મારા પૌત્ર-પૌત્રીઓ સાથે સમય પસાર કરવાનો અને તેમની સાથે રમવાનો મોકો મળશે.'

તમને જણાવી દઈએ કે અમેરિકામાં અંગ દાન કરનારાઓની સંખ્યા કરતાં અંગ મેળવનારાઓની સંખ્યા ઘણી વધારે છે. અહેવાલો અનુસાર, અમેરિકામાં દરરોજ ૧૭ લોકો અંગની રાહ જોતા મૃત્યુ પામે છે. અહીં કિડનીની માંગ સૌથી વધુ અને પુરવઠો સૌથી ઓછો છે. ઓર્ગન પરચેઝ એન્ડ ટ્રાન્સપ્લાન્ટ નેટવર્ક અનુસાર, ૨૦૨૩માં લગભગ ૨૭ હજાર કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી, પરંતુ લગભગ ૮૯ હજાર લોકો તે અંગો માટે રાહ જોઈ રહ્યા હતા.

મળતી માહિતી મુજબ, ૪ એપ્રિલે લિસાના શરીરમાં હાર્ટ પંપ લગાવવામાં આવ્યો હતો અને ૧૨ એપ્રિલે પિગની થાઇમસ ગ્રંથિ સાથે જીન-એડિટેડ પિગની કિડની લગાવવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે, વિશ્વમાં પ્રથમ વખત, માર્ચ મહિનામાં મેસેચ્યુસેટ્સ જનરલ હોસ્પિટલમાં ૬૨ વર્ષના રિક સ્લેમેનને જીવંત વ્યક્તિમાં ડુક્કરની કિડનીનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું હતું. જે આ મહિને હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ ઘરે પણ પહોંચી ગયા છે. જો કે, જ્યારે બચી ગયેલા બે લોકોને ડુક્કરની કિડની આપવામાં આવી હતી, ત્યારે તેઓ થોડા અઠવાડિયામાં મૃત્યુ પામ્યા હતા.

# ગરમીનું ભયાનક રૂપ વિજ્ઞાન સામેનો સૌથી મોટો પડકાર

## ધરતીનું વાતાવરણ બદલાઈ રહ્યું છે અત્યારે સૌથી વધુ ગરમી પડી રહી છે ત્યારે લોકો ત્રાહિમાન પુકારી રહ્યા છે આ ગરમી માટે કુદરત જવાબદાર છે આમ છતાં વિદેશમાં વધતી જતી ગરમી સામે અનેક મહિલાઓ સરકાર સામે કેસ કરી રહી છે!!

## આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

આપણા દેશમાં અત્યારે ગરમીની મોસમ ચાલી રહી છે ત્યારે સૌથી વધુ ગરમી પડી રહી છે લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા છે ગરમાગરમ લુ વહે છે અને રસ્તા પર નીકળવું મુશ્કેલ બન્યું છે અમદાવાદ જેવા શહેરમાં લાખો વાહનો ના એકઝોસ્ટ ને કારણે ગરમી ખૂબ જ ભયંક રૂપ લેતી હોય તેવું લાગે છે બીજી બાજુ શહેરના આધુનિક બિલ્ડીંગોમાં લગાવેલા કાચ દ્વારા સૂર્યપ્રકાશનું પરાવર્તન થતું હોવાથી ગરમીમાં અનેક ઘણો વધારો થઈ રહ્યો છે આથી અમદાવાદની અંદર સૌથી વધુ ગરમી લાગે છે ગાંધીનગર ગ્રીન સિટી હોવા છતાં અહીં સૌથી વધુ એર કન્ડિશનનો બંગલાઓમાં કાર્યરત હોવાથી તેની ગરમી રોડ પર ફેલાય છે અને આ ગ્રીન સિટીમાં પણ ઉનાળાની ગરમીનું પ્રમાણ માની ન શકાય તેટલું વધતું જાય છે આ ગરમી માટે કોણ જવાબદાર છે આપણા દેશમાં તો માનવામાં આવે છે કે ગરમી વરસાદ વગેરે કુદરત પર આધારિત છે પરંતુ વિદેશના લોકો વધતી જતી ગરમી સામે સરકારને જવાબદાર ગણાવે છે કારણ કે સરકારી યોજનાઓને કારણે વૃક્ષોનો મોટા પ્રમાણમાં વિનાશ થાય છે સરકારની બેદરકારીને કારણે જ ક્લાઇમેટ ચેન્જ થઈ રહ્યું છે તેમ વિદેશના લોકો માને છે અને આથી તેઓ વધતી જતી ગરમીથી ત્રાહિમામ પોકારીને સરકાર સામે કોર્ટમાં કેસ દાખલ કરી રહ્યા છે ખાસ કરીને સ્વીઝરલેન્ડમાં આવી ઘટનાઓ બની રહી છે જેમાં વૃદ્ધ સ્ત્રી પુરુષો ગરમીથી પરેશાન થઈને તેનો ઉકરાટ સરકાર સામે ઠાલવે છે અને કોર્ટમાં કેસ કરે છે! આ કેસ કોર્ટમાં ચાલે પણ છે અને સરકારના પ્રતિનિધિ કોર્ટમાં હાજર થઈને વધતી જતી ગરમી સામે સરકાર સાચા પગલાં લઈ રહી છે તેની રજૂઆત પણ કરે છે અને ગરમીની મોસમમાં વયોર્દ્ધ લોકોને ઓછી મુશ્કેલી પડે તે માટે સરકાર જે કંઈ કાર્ય કરી રહી છે તેની રજૂઆત કરે છે

આપણા દેશમાં પણ ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આવી જ એક બેઠકનું આયોજન કરીને વધતી જતી ગરમી સામે લોકોને મુશ્કેલી ઓછી પડે માટે શું થઈ શકે તે માટે વિચારણા કરી હતી અને તેનો અમલ કરવા માટે પણ આદેશો આપ્યા છે.

લાઈવ મેચ ચેન્જને કારણે ગરમીમાં વધારો થઈ રહ્યો છે. ગરમીનુ વિકરાળ સ્વરુપ લોકોને ચિંતામાં મુકી રહ્યુ છે. નવા રિસર્ચ પ્રમાણે દુનિયાભરના ૬૫ દેશોમાં ઓગસ્ટ મહિનામાં રેકોર્ડ બ્રેક તાપમાન નોંધાયુ છે. બીજા દેશોમાં ગરમીની રીતે થોડી રાહત રહી છે પણ ૧૯૫૧થી ૧૯૮૦ વચ્ચેના સરેરાશ તાપમાન કરતા તો ઓગસ્ટ મહિનામાં ઘણુ વધારે તાપમાન નોંધાયુ છે.

અમેરિકાની એક સંસ્થાએ આ રિસર્ચ કર્યુ છે અને તેમાં દાવો કરવામાં આવ્યો છે કે, ૧૮૮૦થી તાપમાનનો રેકોર્ડ રાખવાની શરુઆત થઈ હતી અને ત્યારથી લઈને અત્યાર સુધીના રેકોર્ડ જોવામાં આવે તો ઓગસ્ટ મહિનામાં આટલુ તાપમાન ક્યારેય નોંધાયુ નથી.ઓગસ્ટ મહિનામાં ભારતના કેટલાક હિસ્સાઓમાં પણ અભૂતપૂર્વ ગરમી પડી હતી.

આ સિવાય જાપાન, ઉત્તર અમેરિકા, મધ્ય અમેરિકા, આફ્રિકાના કેટલાક હિસ્સાઓમાં પણ ઓગસ્ટ મહિનામાં ગરમીએ લોકોને પરેશાન કરી નાંખ્યા હતા. અમેરિકાની નેશનલ ઓસનિક એન્ડ એટમોસ્ફિરિક એડમિનિસ્ટ્રેશને ગુરુવારે કહ્યુ હતુ કે, ૧૭૪ વર્ષના ક્લાઈમેટ ચેન્જ રેકોર્ડ અનુસાર આ વર્ષે ઓગસ્ટનો મહિનો સૌથી ગરમ રહ્યો છે.

એનાલિસિસ પ્રમાણે ૨૦૧૬ની સરખામણીમાં ઓગસ્ટ ૨૦૨૩માં ૦.૩૧ ડિગ્રી તાપમાન વધ્યુ છે અને આ આંકડો હેરાન કરનારો છે. દુનિયાના બાકી હિસ્સાઓમાં પણ તાપમાનમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. દુનિયાના સરેરાશ તાપમાનમાં થઈ રહેલો વધારો ખતરાની ઘંટડી વગાડી રહ્યો છે. તાપમાનમાં વધારાના કારણે હિમાચલ સહિત તમામ બર્ફિલા વિસ્તારોમાં ગ્લેશિયર ઝડપથી પીગળી રહ્યા છે.

પૃથ્વી પર સજીવ સૃષ્ટિ વિકસી શકે તેવા અનેક પરિબળો હોવાથી તે વિશિષ્ટ ગ્રહ બને છે. પૃથ્વી પરના પ્રાણી-પક્ષીઓ અને વનસ્પતિના જીવનનો આધાર ધરતી છે. પૃથ્વીની સપાટી પરના આ ભાગને ધરતીમાતા પણ કહેવાય છે. ધરતી કે જમીન એટલે પૃથ્વીની ઉપલી સપાટીનો ૩૭ કિલોમીટર સુધીની ઊંડાઈનો વિસ્તાર. આ પોપડો સજીવોને પોષણ પુરુ પાડે છે. જો કે સપાટી પર ૭૦ ટકા ભાગમાં સમુદ્રો આવેલા છે. બાકીની ૩૦ ટકા ભૂમિ વિસ્તારમાં સજીવ સૃષ્ટિ વિકસી છે. જમીન પર પર્વતો, ઊંચા નીચા મેદાનો, જંગલો, ભૌગોલિક વિસ્તાર છે. પૃથ્વીના વાયુમંડળ, પવન અને વરસાદને કારણે સપાટી પર વિવિધતા જોવા મળે છે.

જમીન પર માણસો અને અન્ય પ્રાણીઓ વસવાટ કરે છે. તે જ રીતે જમીનના પોપડામાં જાતજાતના જંતુઓ અને બેક્ટેરિયાની સૃષ્ટિ છે. વરસાદનું પાણી જમીનમાં ઉતરી આ સૃષ્ટિનું જીવન સરળ બનાવે છે. વનસ્પતિને જમીનમાંથી પોષણ મળે છે. વનસ્પતિના ખરી ગયેલાં પાન, પ્રાણી પક્ષીઓના મૃતદેહના અવશેષો વિગેરે જમીનમાં ઉતરી ફરીથી સેન્દ્રીય ખાતર બનાવે છે અને ઇયળો, અળસિયાં, કીડી, ઉધઇ વિગેરે દેહક્રિયા દ્વારા જમીનને વધુ ફળદ્રુપ બનાવે છે. વિવિધ પ્રકારની વનસ્પતિ જમીન પર વસતા પ્રાણી પક્ષીઓને ખોરાક બને છે. આમ પૃથ્વીનો આ પોપડો સજીવ સૃષ્ટિના જીવનચક્રનું મહત્ત્વનું અંગ છે. આ તમામ બાબતો પર્યાવરણની મહત્વની વસ્તુ છે સૌના જતન માટે આ બાબતો પર ગંભીરતાથી વિચારણા કરવામાં આવી રહી છે. માત્ર માનવીઓ જ નહીં પરંતુ જીવ માત્ર ને જીવવાનો અધિકાર છે સરકાર પર મૂળભૂત અધિકારોની રક્ષા ન કરવાનો આરોપ ઇસાબેલા ક્વાઇ નામની મહિલાઓએ મૂક્યો છે

સ્વિત્ઝર્લેન્ડના વિભિન્ન હિસ્સામાં રહેતી મહિલાઓ જર્મન, ફ્રેન્ચ અને ઇટાલિયન ભાષા બોલે છે. તેમણે અલગ અલગ પ્રોફેશનમાં કામ કર્યું છે. પરંતુ, ૬૪ વર્ષથી વધુ ઉમરની ૨,૪૦૦ સ્વિસ મહિલાઓના જૂથ - ક્લિમાસીનિયરિનેન સ્કવિઝ કહે છે કે તેઓ બધા વધતા તાપમાન અને ભીષણ ગરમીથી ભયભીત છે. તેનાથી તેઓને જીવનના અંતિમ વર્ષોમાં અનેક બીમારીનો ખતરો પેદા થયો છે. ૭૧ વર્ષીય ફાતિમ હ્યુસલર અનુસાર, ઘરથી બહાર નીકળવું અને શ્વાસ લેવું મુશ્કેલ થઈ ગયું છે.

જર્મનીના સ્ટ્રોસબર્ગમાં વિરોધ કરતી વૃદ્ધ મહિલાઓ આજની તારીખે આંદોલન કરી રહી છે પર્યાવરણ પ્રત્યેની જાગૃતિના અભાવથી આજની તારીખની પર્યાવરણની આ સમસ્યા સર્જાણી હોવાનું તેમનું કહેવું છે આજે પર્યાવરણ બગડી ચૂક્યું છે. મહિલાના આ ગ્રુપની વધુ એક સભ્ય ૭૦ વર્ષીય તે ઇસાબેલે જોઈર્ગ અનુસાર, મને ગરમી ગમતી છે હતી પરંતુ હવે તેનાથી ડર લાગે છે.

આ વર્ષે દક્ષિણ યુરોપમાં હીટવેવથી ચિંતા વધી છે. મહિલાઓએ યુરોપની સૌથી મોટી માનવાધિકાર અદાલતમાં ૨૦૨૦માં એક કેસ દાખલ કરીને સરકાર પર આરોપ લગાવ્યો છે છે કે તેઓએ ક્લાઈમેટ ચેન્જથી તેમની સુરક્ષા પૂરી પાડવા માટે માટે પર્યાપ્ત પગલાં ઉઠાવ્યા નથી. તેનાથી અનેક દેશોમાં સરકારો વિરુદ્ધ કેસ કરવામાં આવી રહ્યા છે

દુનિયાના અનેક અન્ય દેશોમાં પણ કેસ દાખલ કરાયા છે. તેમાં તર્ક અપાયો છે કે સરકાર પોતાની જવાબાદારીથી બચી રહી છે અને નાગરિકોની કાળજી રાખવામાં નિષ્ફળ છે. ક્લિમાસિરિયરિનેન કેસમાં ચુકાદો ૨૦૨૪ સુધી આવે તેવી સંભાવના છે. કોર્ટ ક્લાઈમેટ ચેન્જ સંબંધિત અનેક અન્ય કેસ પર વિચારી રહી છે. તેમાં એક પોર્ટુગલના યુવાઓના ગ્રૂપે ૩૩ દેશો પર ગ્રીન હાઉસ ગેસોનું ઉત્સર્જન રોકવામાં નિષ્ફળતાનો આરોપ લગાવ્યો છે. ફ્રાન્સ સરકાર વિરુદ્ધ પણ આવો કેસ ચાલી રહ્યો છે.

તેઓના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થયું છે. સ્વિત્ઝર્લેન્ડમાં આ સૌથી ગરમ વર્ષને રેકોર્ડ રહ્યો છે. ગત મહિને કેટલાક અલ્પાઈન ક્ષેત્રોમાં તાપમાન ૩૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું.

# ચીને ૨૦૧૭-૨૩માં કરી દસ લાખ ઉઇગર મુસ્લિમોની ધરપકડ : યુએસ રિપોર્ટમાં ખુલાસો

વોશિંગ્ટન,

ચીનમાં મુસ્લિમો પર અત્યાચાર થઈ રહ્યા છે તે તો આખી દુનિયા જાણી ચૂકી છે પણ તેને લઈને છાશવારે જે પ્રકારની જાણકારી સામે આવે છે તે ચોંકાવનારી હોય છે. અમેરિકાએ હાલમાં જ એક અહેવાલ જાહેર કરીને ચીનની ફરી એક વખત પોલ ખોલી નાંખી છે. આ અહેવાલ અનુસાર ચીનમાં ૨૦૧૭ થી ૨૦૨૩ સુધીમાં દસ લાખ ઉઈગર સહિતના મુસ્લિમોને મનફાવે તે રીતે પકડીને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે.

અમેરિકાના વિદેશ મંત્રાલયે કહ્યુ છે કે, 'અમે દુનિયાભરમાં માનવાધિકારોનુ સન્માન કરનારા અને લોકોની સ્વતંત્રતા માટે લડનારાઓનુ સમર્થન કરવાનુ ચાલુ રાખીશું. ચીનમાં ૨૦૧૭ બાદ અત્યાર સુધીમાં ૧૦ લાખ લોકોની ચીનની સરકારે અટકાયત કરી છે. તેમને નજરકેદમાં રાખવામાં આવ્યા છે અથવા તો જેલમાં ધકેલી દેવાયા છે. પત્રકારો,વકીલો, લેખકો, સોશિયલ મીડિયાના બ્લોગર્સ તથા સ્વતંત્રતાના હિમાયતી બીજા લોકો સામે ચીનની સરકાર કોર્ટમાં મનફાવે તે રીતે કેસ ચલાવી રહી છે. સાથે સાથે ઈન્ટરનેટ પર પણ પ્રતિબંધો મુકયા છે. ચીનમાં માનવાધિકારોનુ ઉલ્લંઘન બહુ સામાન્ય વાત છે અને લઘુમતી સમુદાયના લોકોને ટાર્ગેટ બનાવીને તેમની સામે હિંસાનુ શસ્ત્ર ઉગામવામાં આવે છે.'

વિદેશ મંત્રાલયે આગળ કહ્યુ છે કે, 'ચીનની સરકારે માનવાધિકારોનુ હનન કરનારા અધિકારીઓની ઓળખ કરીને તેમની સામે કાર્યવાહી કરવાની કોઈ હિલચાલ કરી નથી. ચીનના ઝિજિયાંગ ખાતેના લેબર કેમ્પમાં તો લોકોના મોત થયા હોવાનુ પણ અમને જાણવા મળ્યુ છે. એક મીડિયા રિપોર્ટમાં જણાવાયુ છે કે અન્ય એક પ્રાંતની તુમશુક જેલમાં ઈદની રજા પહેલા ઓછામાં ઓછા ૨૬ ઉઈગર મુસ્લિમોના મૃતદેહ તેમના પરિવારનો સોંપવામાં આવ્યા હતા. એટલુ જ નહીં પણ દેશના ઘણા હિસ્સાઓમાં લોકો ગાયબ થઈ રહ્યા છે.'

વિદેશ મંત્રાલયે જાહેર કરેલા રિપોર્ટમાં એવો પણ આક્ષેપ કરાયો છે કે, 'મુસ્લિમો માટે અવાજ ઉઠાવનારા માનવાધિકાર કાર્યકરો, પત્રકારો, ધાર્મિક નેતાઓ અને તેમના પરિવારના સભ્યોને પણ ગમે ત્યારે પોલીસ ધરપકડ કરીને જેલમાં પૂરી દે છે.'

# ૬ હાર બાદ આખરે RCB જીત્યું

## કોહલી અને પાટીદારની ફિફ્ટી : કર્ણ- સ્વપ્રીલ અને ગ્રીનને ૨-૨ વિકેટ મળી

મુંબઈ

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ IPL-2024માં બીજી મેચ જીતી લીધી છે. ટીમે સિઝનની ૪૧મી મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદ ને ૩૫ રનથી હરાવ્યું હતું. બેંગલુરુએ સતત ૬ મેચ હાર્યા બાદ મેચ જીતી છે, જ્યારે હૈદરાબાદે સતત ૪ જીત બાદ એક મેચ હારી છે.

હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં ટૉસ જીતીને બેટિંગ કરતા બેંગલુરુએ ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૨૦૬ રન બનાવ્યા હતા. જવાબમાં હૈદરાબાદની ટીમ ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૭૧ રન જ બનાવી શકી હતી. RCB તરફથી વિરાટ કોહલી (૫૧ રન) અને રજત પાટીદારએ અડધી સદી ફટકારી હતી. કેમરૂન ગ્રીને ૨૦ બોલમાં અણનમ ૩૭ રન બનાવ્યા હતા જ્યારે કેપ્ટન ફાફ ડુ પ્લેસિસે ૨૫ રનનું યોગદાન આપ્યું હતું. જયદેવ ઉનડકટે ૩ વિકેટ લીધી હતી. કેપ્ટન પેટ કમિન્સ, ટી નટરાજન અને મયંક માર્કંડેને એક-એક વિકેટ મળી હતી. SRH તરફથી શાહબાઝ અહેમદે ૪૦ રનની અણનમ ઈનિંગ રમી હતી. કેપ્ટન પેટ કમિન્સ અને અભિષેક શર્માએ ૩૧-૩૧ રન બનાવ્યા હતા. ડેબ્યૂ કરનાર સ્વપ્નિલ સિંહ, કર્ણ શર્મા અને કેમરૂન ગ્રીનને ૨-૨ વિકેટ મળી હતી.

# યુઝવેન્દ્ર ચહલે ઈતિહાસ રચ્યો : પત્ની ધનશ્રીએ પોતાનો પ્રેમ વરસાવ્યો

મુંબઈ,

આઈપીએલ ૨૦૨૪ની ૩૮મી મેચમાં રાજસ્થાન રોયલ્સના સ્પિનર યુઝવેન્દ્ર ચહલે નવો ઈતિહાસ રચ્યો છે. તેણે અફઘાનિસ્તાનના બેટ્સમેન મોહમ્મદ નબીને આઉટ કર્યા બાદ આ સિદ્ધિ મેળવી હતી. જે બાદ તેની પત્નીએ તેના ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી શેર કરીને યુઝવેન્દ્ર પર પ્રેમ વરસાવ્યો છે. વાસ્તવમાં, યુઝવેન્દ્ર આઈપીએલમાં ૨૦૦ વિકેટ લેનાર પ્રથમ બોલર બની ગયો છે. તેણે મોહમ્મદ નબીની વિકેટ લઈને આ સિદ્ધિ મેળવી હતી.

આ પહેલા આઈપીએલમાં ૨૦૦ વિકેટ ઝડપનાર કોઈ બોલર નથી. ચહલે આઈપીએલની પોતાની ૧૫૩મી મેચમાં તેની ૨૦૦મી વિકેટ લીધી છે. યુચવેન્દ્ર ચહલની પત્ની ધનશ્રી વર્માએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર આઈપીએલનો વીડિયો શેર કર્યો છે, જેમાં ચહલ તેની ૨૦૦મી વિકેટ લઈ રહ્યો છે. આ સાથે ધનશ્રીએ લખ્યું - "સારું લાયક, આઈપીએલ ઈતિહાસમાં ૨૦૦ વિકેટ લેનાર પ્રથમ બોલર. હજુ ઘણું કરવાનું બાકી છે. તે મહાન છે. હું પહેલેથી જ કહી રહ્યો છું." યુજવેન્દ્ર ચહલે આઈપીએલમાં ત્રણ ફ્રેન્ચાઈઝી માટે મેચ રમી છે. જેમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર, મુંબઈ ઈન્ડિયન્સ અને હવે રાજસ્થાન રોયલ્સનો સમાવેશ થાય છે. ચહલે તેની પ્રથમ વિકેટ ૧૭ એપ્રિલ ૨૦૧૪ના રોજ દિલ્હી સામે લીધી હતી. અને હવે મુંબઈ સામે તેની ૨૦૦મી વિકેટ લીધી.

ચહલે અત્યાર સુધીમાં ૫૫૮.૫ ઓવર ફેંકી છે.

# બુક કરેલી ટિકિટો રદ કરતા મોટી રકમની કપાત નહીં થાય

## રેલવે દ્વારા નિર્ધારિત યાત્રી દીઠ રૂપિયા ૬૦ કેન્સલેશન ફી વસૂલવામાં આવશે

નવીદિલ્હી,

રેલવેએ મુસાફરોને મોટી રાહત આપી છે. IRCTC વેબસાઇટથી બુક થયેલી વેઈટિંગ અને RAC ટિકિટો રદ કરવાના કિસ્સામાં સુવિધા ફીના નામે મોટી રકમની કપાત નહીં થાય. હવે આવી ટિકિટો પર રેલવે દ્વારા નિર્ધારિત યાત્રી દીઠ માત્ર રૂપિયા ૬૦ કેન્સલેશન ફી વસૂલવામાં આવશે. હવે આવી ટિકિટો પર રેલવે દ્વારા નિર્ધારિત યાત્રી દીઠ માત્ર રૂપિયા ૬૦ કેન્સલેશન ફી વસૂલવામાં આવશે.




એક મુસાફરની ફરિયાદના આધારે રેલવેએ મુસાફરોને આ રાહત આપવાનો નિર્ણય કર્યો છે. તેનાથી સમગ્ર દેશના લોકોને રાહત મળશે.

મુસાફરે ૧૨ એપ્રિલે રેલવે પ્રશાસનને ટિકિટ કેન્સલ કરાવવા માટે IRCTC દ્વારા વસૂલવામાં આવતી મનમાની ફી અંગે પત્ર મોકલ્યો હતો. જેમાં તેણે કહ્યું હતું કે, જો IRCTC વેબસાઈટ દ્વારા બુક કરવામાં આવેલી વેઈટિંગ ટિકિટ કન્ફર્મ ન થાય તો રેલવે પોતે જ તે ટિકિટો કેન્સલ કરી દે છે. તેમજ અમારા દ્વારા ચૂકવવામાં આવતી રકમનો મોટો ભાગ સર્વિસ ચાર્જ તરીકે કાપવામાં આવે છે.

ઉદાહરણ તરીકે, એવું કહેવામાં આવ્યું હતું કે જો વેઈટિંગ ટિકિટ ૧૯૦ રૂપિયામાં બુક કરવામાં આવતી તો ટિકિટ કન્ફર્મ ના હોય, ત્યારે રેલવે માત્ર ૯૫ રૂપિયા જ રિફંડ કરતી હતી. આ ફરિયાદના આધારે, IRCTCએ આ મોટી કાર્યવાહી કરી છે. IRCTCના મેનેજિંગ ડિરેક્ટરે ૧૮ એપ્રિલે ફરિયાદી મુસાફરને જાણ કરી હતી કે, ટિકિટ બુકિંગ અને રિફંડ સંબંધિત નીતિ, નિર્ણયો અને નિયમો ભારતીય રેલવે (રેલવે બોર્ડ)નો વિષય છે.

# ૧૦૦ જેટલાં ભારતીયોની વસતી ધરાવતા સુદાનમાં ભૂખમરો, એક સમયે અન્નનો કોઠાર કહેવાતો હતો

સુદાન,

સતત ચાલતા યુદ્ધ અને વહીવટી તંત્રના લગભગ અભાવે સુદાનને નિષ્ફળ રાષ્ટ્ર બનાવ્યું છે. પરિસ્થિતિ હૃદય દ્રાવક બની છે. દુનિયામાં પોતાના જ દેશમાં અગણિત લોકો નિર્વાસિત બની ગયા છે. ન તો ગાઝામાં કે ન તો યુક્રેનમાં આ પરિસ્થિતિ છે. સુદાનમાં લાખ્ખો લોકો ભૂખમરો વેઠી રહ્યા છે. પીવાનાં પાણીની પણ અસહ્ય તંગી છે. વિધિની



વક્રતા તે છે કે ઈજીપ્તના ફેરોઝ કે ટોલેલી ફિલાડેલ્ફીયા કે સમાટ્ર કિલઓવેટ્રાના સમયથી ગોલ્ડન હાર્વેસ (ઘઉં) દ્વારા વિખ્યાત બની રહેલા સુદાનમાં લાખ્ખો લોકો ભૂખમરા અને પાણીની તંગીથી ટળવળી રહ્યાં છે. યુનો તેમજ અન્ય દેશો દ્વારા પણ મોકલાતી અન્ન સહાય ભૂખે ટળવળતા લાખ્ખો લોકો માટે પૂરી પડી શકે તેમ નથી. યુનો હવે વધુ ને વધુ સહાય મોકલી રહ્યું છે. આફ્રિકાના ત્રીજા સૌથી વિશાળ રાષ્ટ્રમાં આ પરિસ્થિતિ વાસ્તવમાં માનવ સર્જિત છે.

અહીં ઉત્તરે ઈસ્લામ ધર્મના અનુયાયીઓ છે. બ્લ્યુ નાઈમથી દક્ષિણે ખ્રિસ્તી ધર્મીઓ ભારે મોટી બહુમતીમાં છે. વર્ષોથી બંને વચ્ચે સતત સંઘર્ષ ચાલે છે. ખાર્ટુમમાં લશ્કરી જુન્ટાનું શાસન છે. અહીં લોકશાહી હતી જ. તેનું સંવિધાન ઘડવા અને પંચવર્ષિય યોજનાઓ તૈયાર કરવા ભારતના સુકુમાર સેનનાં નેતૃત્વ નીચે અર્થશાસ્ત્રીઓ અને રાજ્ય શાસ્ત્રીઓનું પ્રતિનિધિ મંડળ ત્યાં ગયું હતું. તમોને ભાગ્યે જ માહિતી હશે કે ખાર્ટુમના એક રાજમાર્ગનું નામ સુકુમાર સેન માર્ગ રાખવામાં આવ્યું છે.

# બોલિવૂડ સ્ટાર્સ ટ્રેન્ડની સાથે જળવાઈ રહેવા માટે કપડાં ભાડા પર વસાવે છે : ખુરાના

મુંબઈ,

બોલિવૂડના સ્ટાર્સ પોતાના લૂકને લઈને એકદમ ગંભીર હોય છે. તેઓ પોતાના મેક-અપથી લઈને પોતાના ડ્રેસ સુધીની તમામ બાબતોનું ખાસ ધ્યાન રાખતાં હોય છે.

આકર્ષક દેખાવા માટે તેઓ સતત કંઈકને કંઈક નવું કરતા રહેતાં હોય છે. તાજેતરમાં એક મુલાકાતમાં અભિનેતા આયુષ્યમાન ખુરાનાએ બોલિવૂડમાં ભાડાના ચલણ પર મોટું નિવેદન કર્યું છે. તેણે બોલિવૂડ સ્ટાર્સના કપડાંને લઈને ચોંકાવનારું નિવેદન આપી દીધું છે. અભિનેતાએ જણાવ્યું હતું કે તે એક ખુલ્લું રહસ્ય છે કે મોટાભાગના બોલિવૂડ સ્ટાર્સ ટ્રેન્ડની સાથે જળવાઈ રહેવા માટે કપડાં ખરીદવાના બદલે તેને ભાડા પર વસાવે છે. આ દરમિયાન તેણે પોતાના ભાઈ અને અભિનેતા અપારશક્તિ ખુરાના સાથે જોડાયેલો એક કિસ્સો પણ શેર કર્યો હતો. અભિનેતાઓ એક યૂ-ટયૂબ ચેનલ સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે આખું બોલિવૂડ ભાડા પર ચાલે છે. તમને લાગે છે કે અમે કપડાં ખરીદતાં હોઈશું? અમે સ્ટાઈલિસ્ટોને કામ પર રાખીએ છીએ, તેમની પાસેથી કપડાં લઈએ છીએ અને પરત આપી દઈએ છીએ. અમે આટલા બધા કપડાં કેવી રીતે લઈ શકીએ? આયુષ્યમાન દિલજીત દોસાંજની સ્ટાઈલ અને તેની વૈશ્વિક રિચની પ્રશંસા કરતાં કહે છે કે મને દિલજીત દોસાંજની સ્ટાઈલ પસંદ છે.

# ફોરેકસ ટ્રેડીંગમાં મોટા નફાની લાલચ આપીને ઠગાઈના વધતા કેસ

## અનઅધિકૃત સંસ્થાઓનાં નામોનું લીસ્ટ જાહેર કરવા બેંકોને રિઝર્વ બેન્કની સુચના

નવીદિલ્હી,

ફોરેક્સ ટ્રેડીગમાં તગડા રીટર્નની લાલચ આપીને બીનઅધિકૃત સંસ્થાઓ સામાન્ય લોકોને જાળમાં ફસાવીને આર્થિક નુકશાન કરી રહ્યા છે.આ પ્રકારના વધતા કેસોને પગલે રીઝર્વ બેન્કે એલર્ટ જાહેર કર્યુ છે. અનઅધિકૃત સંસ્થાઓનાં નામોનું લીસ્ટ જાહેર કરવા બેંકોને સુચના આપવામાં આવી છે.

રિઝર્વ બેન્કની તપાસમાં એવો ખુલાસો થયો છે કે લોકલ એજન્ટો બનાવીને બિન અધિકૃત સંસ્થાઓ લોકોને જાળમાં ફસાવી રહી છે. એજન્ટો માર્જીન, રોકાણ વગેરે માટે બેંક ખાતા ખોલે છે. આ એકાઉન્ટ વ્યકિતગત કે કંપની કે સંસ્થાના નામે ખોલવામાં આવે છે અને તેમાં નાણાંકીય ગોટાળા થાય છે. બીન અધિકૃત સંસ્થાઓ આ પ્રકારનાં બેંક ખાતા મારફત ઓનલાઈન ટ્રાન્સફરનો ઉપયોગ કરીને ગેરકાયદે ફોરેક્સ ટ્રેડીગ કરાવે છે.

રિઝર્વ બેન્કે તમામ બેંકોને લેખીતમાં સુચના આપી છે કે અધિકૃત ડીલરો મારફત જ ફોરેક્સ ટ્રેડીગ કરવા ગ્રાહકોને માર્ગદર્શન આપવામાં આવે અને અનઅધિકૃત સંસ્થાઓનું લીસ્ટ નહિં કરવામાં આવે.અનઅધિકૃત સંસ્થાઓ દ્વારા ફોરેકસ, ટ્રેડીગમાં બેંક ચેનલોના થતા ઉપયોગ રોકવા સતર્કતા રાખવામાં આવે.

# સિરીઝ 'ધ ફેમિલી મેન ૩' સાથે જોડાયેલી એક માહિતી સામે આવી

મુંબઈ,

'ધ ફેમિલી મેન'ની બંને સીઝનોએ લોકોનું ઘણું રોમાંચક લાગ્યું હતું અને તેને ખૂબ પસંદ પણ કર્યુ છે. મનોજ બાજપેયી શ્રીકાંત તિવારીના રોલમાં અને શારીબ હાશ્મી જેકે તલપડેના રોલમાં મગ્ન હતા. બંને વચ્ચેની કેમેસ્ટ્રી જબરદસ્ત હતી. પહેલી સિઝન ૨૦૧૯માં આવી હતી અને ૨૦૨૧માં મેકર્સ બીજી સિઝન લઈને આવ્યા હતા. હવે બધા છેલ્લા ત્રણ વર્ષથી 'ધ ફેમિલી મેન ૩'ની રાહ જોઈ રહ્યા છે. જો તમે પણ રાહ જોનારાઓમાં છો, તો તમારા માટે આ સીરિઝ સાથે જોડાયેલી એક માહિતી સામે આવી છે. તાજેતરમાં, 'ધ ફેમિલી મેન'ના પહેલા ભાગના લેખક સુપરને ત્રીજા ભાગ વિશે પૂછવામાં આવ્યું હતું.

# બિગ બજેટ તેલુગુ ફિલ્મ 'કનપ્પા'માં અક્ષય કુમારનો સમાવેશ થયો

મુંબઈ,

અક્ષય કુમાર પોતાના કેરેક્ટર સાથે હંમેશા અખતરા કરતા હોવાથી એક્શન-કોમેડી અને ડાન્સ સહિતના તમામ રોલ પર હાથ અજમાવી ચૂક્યા છે. અક્ષયે સતત નવું કરતા રહેવાની પોતાની આદતને આગળ ધપાવતા તેલુગુ ઈન્ડસ્ટ્રીમાં આગમન કરવાનો નિર્ણય લીધો છે. બિગ બજેટ તેલુગુ ફિલ્મ 'કનપ્પા'માં અક્ષય કુમારનો સમાવેશ થયો છે. વિષ્ણુ માંચુનો લીડ રોલ ધરાવતી આ ફિલ્મમાં અક્ષયની એન્ટ્રી અંગે સત્તાવાર



જાહેરાત થઈ ચૂકી છે. તેમની સાથે આ ફિલ્મમાં સાઉથની જાણીતી એક્ટ્રેસ કાજલ અગ્રવાલ પણ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વિષ્ણુ માંચુની 'કનપ્પા'ને બજેટ અને સ્ટારડમની રીતે મોટી બનાવવા પ્રયાસ થઈ રહ્યા છે. અક્ષય બાદ તેમાં કાજલ અગ્રવાલની એન્ટ્રી પણ થઈ ચૂકી છે. અગાઉ તેલુગુ એક્ટર વિષ્ણુ માંચુએ સોશિયલ મીડિયા પર અક્ષય કુમાર સાથે જોડાણની જાહેરાત કરી હતી. અક્ષય કુમાર સાથેનો ફોટોગ્રાફ શેર કરતા વિષ્ણુ માંચુએ જણાવ્યુ હતું કે, સુપરસ્ટાર અક્ષય કુમાર તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પહેલી ફિલ્મ કરી રહ્યા છે. તેમની સાથે 'કનપ્પા'ની જાહેરાત કરતા આનંદ અનુભવું છે.

# દુનિયાભરના ધનિકોની નવી વસાહત : દુબઇ

## દુબઇમાં ૧૧૬૫૦૦ કરોડપતિઓ ૧૦૦ મિલિયન ડોલરની સંપત્તિવાળા અને ૨૦ અબજોપતિઓ છે



દુબઇ

દરેક શહેરોમાં કેટલાક વિસ્તારોમાં કરોડપતિ લોકો રહેતા હોય તેને પોર્શ વિસ્તારો કહેવામાં આવે છે. આવા વિસ્તારોમાં જઈએ ત્યાં જ એક અલગ વાતાવરણ જોવા મળતું હોય છે. ત્યાં મળતી સારી સુવિધાઓ અને શાંતિ મેળવવા માટે શહેરનો દરેક નાગરિક આર્થિક રીતે સક્ષમ હોતો નથી. હવે તો શહેરો થી દૂર પણ આ પ્રકારની કોલોનીઓ વિકસાવવામાં આવી રહી છે ત્યારે યુએઈનું દુબઇ પોર્શ દેશ બની રહ્યો છે.

વધતી મિલકતોની કિંમતો અને મોંઘવારીમાં દુબઈમાં સામાન્ય માણસ માટે જીવન અઘરું છે. ન્યૂ વર્લ્ડ વેલ્થના રિસર્ચના જણાવ્યા મુજબ યુક્રેન,સીરિયા જેવા દેશોમાં અશાંતિને કારણે અને કરવેરા કે સલામતી જેવા અન્ય કારણોસર દક્ષિણ આફ્રિકા, ઈજિપ્ત, નાઈજીરીયા તેમજ તાન્ઝાનિયા અને અલ્જેરિયા જેવા દેશોમાંથી દુબઈમાં કરોડોપતિઓનું મોટા પાયે સ્થળાંતર થઇ રહ્યું છે.

દુબઈ વિશ્વના ટોચના વ્યાપાર અને નાણાકીય કેન્દ્રોમાંનું એક હોવાથી અહીં વ્યવસાયની તકો છે જયારે આફ્રિકામાં સલામતી અને સુરક્ષાની ચિંતાઓ જોવા મળી રહી છે તે સિવાયેંછઈ માં ઓછા કરનું પણ દુનિયાભરના કરોડપતિઓને આકર્ષણ રહે છે. આજની પરિસ્થિતિ જોતોંછઈ તરફ સ્થળાંતરનું આ વલણ ૨૦૨૪ પછી પણ ચાલુ રહેશે. દુબઇ લંડન, યુરોપ અને પેરિસને પાછળ છોડીને મધ્ય પૂર્વ પ્રદેશમાં કરોડપતિ સંપત્તિનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે. એક સર્વે અનુસાર કરોડોપતિઓ મોટાભાગે યુકે, યુએસ, ઑસ્ટ્રેલિયા અને યુએઈ સિવાય ફ્રાન્સ, સ્વિટ્ઝર્લેન્ડ, મોનાકો, પોર્ટુગલ, કેનેડા, ન્યુઝીલેન્ડ અને ઈઝરાયેલમાં પણ મોટી સંખ્યામાં સ્થળાંતર કરી રહ્યા છે જે ઓસ્ટ્રેલિયા પછી બીજા નંબરનું સૌથી વધુ સ્થળાંતર છે.

ેંછઈમાં હાલ ૧૦૦ મિલિયન ડોલરની સંપત્તિ ધરાવતા ૧૧૬,૫૦૦ કરોડપતિ અને ૨૦ અબજોપતિ છે જેમાંથી ફક્ત દુબઈમાં ૭૨,૫૦૦ કરોડપતિ અને ૧૫ અબજોપતિઓ વસે છે. ૨૦૧૩ અને ૨૦૨૩ વચ્ચે ઉચ્ચ નેટવર્થ ધરાવતા વ્યક્તિઓની સંપત્તિમાં ૭૭ ટકાનો વધારો થયો છે જે બ્રિક્સ દેશોમાં સૌથી વધુ છે.

વૈશ્વિક રોકાણકારોમાં આત્મવિશ્વાસ વધારતા સરકારે કોવિડ-૧૯ને સફળતાપૂર્વક સંભાળ્યા બાદ મહામારી પછીના સમયગાળામાં મોટી સંખ્યામાં ઉચ્ચ અને અતિ-ઉચ્ચ નેટ-વર્થ વ્યક્તિઓેંછઈ તરફ આકર્ષાયા છે. આ ઉપરાંત, વિશ્વભરમાંથી શ્રેષ્ઠ પ્રતિભાઓને આકર્ષવા માટે ઘણી નવી વ્યવસાયનીતિઓ અને કરમાળખું રજૂ કરવામાં આવ્યું હતું જેનો હકારાત્મક પ્રતિભાવ દુબઈમાં સ્થળાંતર કરી રહેલા કરોડપતિઓમાં જોવા મળી રહ્યો છે.સ્થાયી થયા સિવાયના ઘણા ઉદ્યોગગૃહો એવા પણ છે જેઓએ તેમની ઓફિસો દુબઈમાં શરુ કરી છે. સલામતી અને કરવ્યવસ્થાના દમ ઉપર દુબઇ હવે ધનિકોની વસાહત બની રહી છે.

# મીઠાના ઉદ્યોગમાં રહેલી તક અંગે ચેમ્બર હોલમાં યોજાશે સેમિનાર

ભાવનગર, તા:.૨૬

ભાવનગર જિલ્લામાં વિશાળ દરિયાકાંઠો આવેલો છે અને મીઠાનું ઉત્પાદન ખુબજ મોટા પ્રમાણમાં થાય છે અને હજુ પણ આ ઉદ્યોગમાં વધારે વિકાસ થાય તે માટે સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, સી.ઈ.ડી.અને લઘુ ઉદ્યોગ ભારતી-ભાવનગર દ્વારા મીઠા ઉદ્યોગ અને તેને આધારિત ઉદ્યોગો માટે કઈ કઈ તકો રહેલ છે તે વિશે એક માર્ગદર્શન સેમિનારનું આયોજન તા.૩-૫ને બુધવારના રોજ બપોરે ૪ કલાકે ચેમ્બર હોલ ૩૧૫, સાગર કોમ્પ્લેક્ષ, જશોનાથ ચોક, ભાવનગર ખાતે કરવામાં આવેલ છે. આ સેમિનારમાં નિષ્ણાંત વક્તા તરીકે ડો. અજયભાઈ ભટ્ટ વક્તવ્ય આપશે. આ સેમિનારમાં મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન કરવામાં આવશે. રજીસ્ટ્રેશન નિ:શુલ્ક અને ફરજીયાત છે. રજીસ્ટ્રેશન માટે મોબાઈલ નંબર ૯૨૭૪૧૦૦૮૮૦ પર સંપર્ક કરવો.

# ૯ વર્ષ પુર્વે મહિલાને ઈજા કરનાર શખ્સને પાંચ વર્ષની કેદની સજા

## ગંદા પાણી બાબતે ઠપકો આપતા માર માર્યાના બનાવમાં અન્ય ૨ આરોપીને બે વર્ષની સજાનો કોર્ટનો હુકમ

ભાવનગર, તા.૨૬

મહુવા ખાતે નવ વર્ષ પહેલા ઘર પાસે ગંદુ પાણી નાંખતા શખ્સને પડોશમાં રહેતી મહિલાએ ઠપકો આપતાં ઉશ્કેરાઇ ગયેલા શખ્સે લોખંડના પાઇપથી હુમલો કરી મહિલાને માથામાં ગંબીર પ્રકારની ઇજા પહોંચાડી હતી. જ્યારે મહિલા તેમજ અન્ય એક શખ્સેએ પણ મહિલાને પકડી રાખી માર માર્યો હતો.જેની ફરિયાદ જેતે સમયે નોધાવાઈ હતી આ અંગેનો કેસ મહુવા કોર્ટના એડી.ચીફ જ્યુ.મેજિસ્ટ્રેટ સમક્ષ ચાલી જતાં પાઇપથી હુમલો કરનાર આરોપીને પાંચ વર્ષની સાદી કેદ તેમજ અન્ય બે આરોપીને બે વર્ષની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.

કેસની વિગત એવી છે કે, મહુવા ખાતે રહેતા સાકરબહેન પાંડવે તેમના ઘર પાસે ગંદુ પાણી ફેંકતા પડોશી દામજીભાઇ હરજીભાઇ ડાભી (રહે.મોટાજાદરા રોડ,મહુવા)ને ઠપકો આપતાં દામજીભાઇએ ગાળો આપી પાઇપથી હુમલો કરી ફરિયાદીને માથામાં ગંભીર ઇજા પહોંચાડી હતી. દરમિયાનમાં આરોપી મયુર દામજીભાઇ ડાભી અને ભાનુબહેન દામજીભાઇ ડાભીએ ફરિયાદી સાકરબહેનને પકડી રાખ્યા હતા અને આરોપી દામજીએ ફરિયાદીને કમરના ભાગે લોખંડની પાઇપ મારી ઇજા પહોંચાડી હતી.

આ બનાવ અંગે વર્ષ ૨૦૧૫માં મહુવા પોલીસ સ્ટેશનમાં ત્રણ આરોપી સામે ફરિયાદ આપવામાં આવતા પોલીસે ગુનો દાખલ કર્યો હતો. આ અંગેનો કેસ મહુવાની કોર્ટમાં ચાલી જતાં ન્યાયાધીશે આરોપી દામજીભાઇ ડાભીને પાંચ વર્ષની સાદી તેમજ અન્ય બે આરોપી મયુર ડાભી અને ભાનુબહેન ડાભીને બે વર્ષની સાદી કેદનો આદેશ કર્યો હતો અને તમામ આરોપીને રૂા.૧૦,૦૦૦નો દંડ ફટકારી આરોપી જો દંડની રકમ ન ભરે તો વધુ ૩ માસની સાદી કેદનો આદેશ કર્યો હતો.

# પગ દઝાડતી ગરમી વચ્ચે ચંપલ વિતરણથી ગરીબોને ટાઢક





માળનાથ ગ્રુપ તથા દાતાઓના સૌજન્યથી શહેરમાં બાલા હનુમાન મંદિર પાસે એરપોર્ટ રોડ, રીંગ રોડ તથા આજુબાજુની તમામ ઝુપડપટ્ટી વિસ્તારોમાં ૧૬૮ જેટલી નાની મોટી ચંપલની જોડીનું વિતરણ કર્યું હતું. પગ દજાડતી ગરમી વચ્ચે આ સેવાકાર્ય ગરીબો માટે ટાઢક આપનારું બની રહ્યું હતું. આ કાર્યક્રમ સફળ બનાવવા પાછળ હરીભાઈ શાહ, રાજુભાઈ ચૌહાણ (પક્ષી સારવાર કરનાર) માધવ પરમાર(ગાયક) કેમેરામેન કાનાભાઈ વગેરેએ જહેમત ઉઠાવેલ હતી. આગામી દિવસોમાં હજુ બાકી રહી ગયેલ ગરીબોને ચંપલ વિતરણ કરવામાં આવશે. પહોંચતા કરવામાં આવશે તથા જયારે કોઈ રાહદારી પગમાં ચંપલ વગરનો જોવામાં આવશે ત્યારે તેને પણ ચંપલનું વિતરણ આ કાળઝાળ ઉનાળામાં કરવામાં આવશે. આ માળનાથ ગ્રુપની તમામ કામગીરીઓથી પ્રભાવિત થઈને ઘણી બધી સંસ્થા, વ્યકિતઓ આવી કામગીરી શરૂ કરેલ છે. જે સરાહનીય અને અભિનંદનને પાત્ર છે.

# પર્યાવરણ જાગૃતિ પ્રદર્શન સાથે દરિયા કિનારેથી કચરો એકત્ર



## વિશ્વ પૃથ્વી દિવસ નિમિત્તે રેડક્રોસ ભાવનગર દ્વારા શહેર અને અલંગમાં યોજાયો કાર્યક્રમ

ભાવનગર,તા.૨૬

વિશ્વ પૃથ્વી દિવસ નિમિત્તે ગ્લોબલ વોર્મિંગ, વૃક્ષો વાવો, કુદરતી સ્ત્રોતો નું રક્ષણ કરો, પાણી બચાવો,ઈ વેસ્ટ અને પ્લાસ્ટિક મુક્તિ વગેરે જેવા વિષયો પર પોસ્ટર પ્રદર્શન અને જાગૃતિ કાર્યક્રમ નું આયોજન રેડક્રોસ સોસાયટી ભાવનગર દ્વારા કરવામાં આવ્યું હતું તથા રેડક્રોસ હોસ્પિટલ અલંગ દ્વારા મોબાઈલ હેલ્થ યુનિટનોં સ્ટાફ અને અલંગના કામદારો એ સાથે મળીને દરિયા કિનારાની સ્વચ્છતા ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ જેમાં લોકોને પૃથ્વીના અમૂલ્ય વારસાને જાળવી રાખવા તેમજ વૃક્ષના જતન થકી પ્રકૃતિ બચાવવાના અભિયાન અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

રેડક્રોસ ભવન દિવાનપરા રોડ, ભાવનગર ખાતે સવારથી સાંજ સુધી સેવા લેવા આવનાર લોકો અને મુલાકાતીઓએ પ્રદર્શનની મુલાકાત કરી હતી અને જેને વિષય નિષ્ણાતો દ્વારા સમજૂતી પણ આપવામાં આવી હતી.સમાજ પ્રત્યેની જવાબદારી એ દરેક નાગરિક સમજીને આ કાર્યમાં રેડક્રોસ સાથે જોડાઈ યોગદાન આપે તે બાબતે સૌને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ઘેટી ગામે તસ્કરો મકાનના તાળા તોડી ૨૫ તેલના ડબા ચોરી ગયા!

## બીજા મકાનમાંથી એક કીલો વજનના ચાદીના દાગીના, ૧૫ હજારની રોકડ રકમની ચોરી કરી ગયાની પોલીસ ફરિયાદ

ભાવનગર, તા.૨૬

પાલિતાણા તાલુકાના ઘેટી ગામમાં ગત તા.૧૦એપ્રિલના રોજ તસ્કરો ત્રાટક્યા હતા અને બે મકાનના તાળા તોડી રૂા.૧,૧૭,૫૦૦ની મતાની ચોરી કરી હતી. તસ્કરોએ એક મકાનમાંથી સિંગતેલના ૨૫ ડબા તો બીજા મકાનમાંથી ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી કરી હતી.

ઘેટી ગામે રહેતા બાબુભાઇ બચુભાઇ ચાવડાએ પાલિતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવતા જણાવેલ કે તેઓ મુળ ઘેટીના વતની છે અને હાલ સુરત ખાતે રહે છે. તા.૧૦ના રોજ તેમના મોટાભાઇના પુત્રનો ફોન આવ્યો હતો કે, તમારા મકાનના દરવાજાનું તાળુ તુટેલું છે અને ઘરમાં સામાન વિખેરાયેલો છે એટલે તેઓ સુરતથી ઘેટી ખાતે આવ્યાં હતા. મકાનમાં તપાસ કરતા મકાનમાં રાખેલા એક કીલો વજનના ચાંદીના જુના દાગીનાની તેમજ રૂા.૧૫,૦૦૦ની રોકડ રકમની ચોરી થઇ હોવાની જાણ થઇ હતી.

દરમિયાનમાં સુરત ખાતે ગયેલા અને ઘેટીમાં મકાન ધરાવતા હરીરામજી હરીયાણીના મકાનમાંથી પણ તસ્કરોએ રૂા.૬૨,૫૦૦ની કિંમતના સિંગતેલના ૨૫ ડબાની ચોરી કરી હોવાની જાણ થઇ હતી. આમ, ઘેટી ખાતે તા.૧૦ના રોજ તસ્કરોએ બે મકાનમાંથી કુલ રૂા.૧,૧૭,૫૦૦ની કિંમતની મતાની ચોરી કરતાં પાલિતાણા ટાઉન પોલીસે આ બનાવ અંગે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. મોંઘવારીની અસર હવે ચોરો પર પણ વર્તાઈ રહી છે અને સોના ચાંદીની સાથે હવે શિંગતેલના ડબાની પણ ચોરી થવા લાગી છે.


# કતલખાને લઈ જવાતી ૯ ભેંસ ભરેલો ટ્રક ઝડપાયો

ભાવનગર,તા.૨૬

બરવાળા-ધંધુકા રોડ પર ગેલેરિયા ચેક પોસ્ટ નજીક વોચમાં રહેલી બરવાળા પોલીસે ઘાંસચારા વિના ઠાંસીઠાંસીને ભરેલી ૯ ભેંસ સાથેનો ટ્રક ઝડપી લીધો હતો. ૯ ભેંસને સાચવણી માટે બરવાળા પાંજરાપોળને સુપ્રત કરાઈ હતી જ્યારે ટ્રક પોલીસે કબ્જે લીધો હતો. આ પ્રકરણમાં બે શખ્સની પોલીસે ધરપકડ કરી હતી.

આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ બરવાળા પોલીસ સ્ટેશનના સ્ટાફને ઉપરી અધિકારી તરફથી ચોક્કસ બાતમી મળેલ હોય કે વલ્લભીપુર તરફથી ધંધુકા તરફ ટ્રક નં.જીજે-૦૧-એચટી -૯૮૪૧માં ગેરકાયદે પશુઓ ભરી કતલખાને લઈ જાય છે. જે હકીકત આધારે ગેલેરિયા ચોક પોસ્ટ ખાતે વોચ ગોઠવી હતી દરમિયાનમાં, ટ્રક નિકળતા તેમાંથી ભેંસો ટૂંકા દોરડાથી દયનીય રીતે બાંધેલ હાલતમાં જોવામાં આવી હતી. ટ્રકમાં ઘાસચારો કે પાણીની વ્યવસ્થા નહોતી. આ ૯ ભેંસને સાચવણી માટે પોલીસે બરવાળા પાંજરાપોળ ખાતે સુપ્રત કરી હતી અને ટ્રક કબ્જે કબ્જે લીધો હતો. પોલીસે અમરેલીના ચીતલ ગામના દિનેશભાઈ બચુભાઈ વાળા, વિપુલભાઈ ભલાભાઈ વાળા વિરૂદ્ધ બરવાળા પોલીસ સ્ટેશનમાં પ્રાણીઓની સાચવણી અંગેના અધિનિયમ તથા પશુઓ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમની જોગવાઈઓ મુજબ ગુનો દાખલ કરી બન્નેની ધરપકડ કરી હતી.

# ગારીયાધારની દેપલાપરાની શાળાના વિદ્યાર્થીઓએ માનવસાંકળ બનાવી અચૂક મતદાન કરવાનો આપ્યો સંદેશ



આગામી લોકસભા ચૂંટણી-૨૦૨૪મા ભાવનગર જિલ્લામાં વધુને વધુ મતદારો મતદાન તરફ પ્રોત્સાહિત થાય અને પોતાના પવિત્ર મતદાનની ફરજ અદા કરી લોકશાહીના મહાપર્વમા સહભાગી બને તે માટે ચુનાવ પાઠશાળા થકી વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે આજરોજ ગારીયાધાર તાલુકાની દેપલાપરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ માનવ સાંકળ બનાવી લોકશાહીના અવસરમાં અચૂક મતદાન કરવાનો પ્રેરક સંદેશ આપ્યો હતો.

# ક્ષત્રિય મહિલાઓ દ્વારા કરાયા યજ્ઞ અને ઉપવાસ




કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલાએ કરેલી ટિપ્પણીના મામલે ક્ષત્રિય સમાજ દ્વારા છેડાયેલું આંદોલન વ્યાપક બન્યું છે ત્યારે ભાવનગરના સોનગઢમાં ગ્રામજનોએ બંધ પાળી ગઈકાલે વિરોધ દર્શાવ્યો હતો. જ્યારે આજે શહેરના મિલેટ્રી સોસાયટી ખાતે ક્ષત્રિય મહિલાઓએ એકત્ર થઈ સમુહ યજ્ઞ કરવા સાથે ઉપવાસ રાખ્યા હતાં. દિનપ્રતિદિન આ મામલો ગરમાવો પકડતો જાય છે.

# મેડિકલ કોલેજના કર્મચારીનો ઝેરી દવા ગટગટાવી આત્મહત્યાનો પ્રયાસ

ભાવનગર તા.૨૬

ભાવનગરની સરકારી મેડિકલ કોલેજના કર્મચારીએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કરતા કર્મચારીને ગંભીર હાલતે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવેલ છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરની સરકારી મેડિકલ કોલેજમાં લેબ ટેક્નિશિયન તરીકે કાર્ય કરતા મુકેશભાઈ દેવદાણીયાએ આજે કોઈ આગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી આત્મહત્યાનો પ્રયાસ કરતા તેમને ગંભીર હાલતે સારવાર અર્થે સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવેલ છે. આ ઘટનાના પગલે મેડિકલ કોલેજ વર્તુળમાં ચકચાર મચી જવા પામી છે.





## ન્યુઝ ફલેશ

**ધોરણ ૬ અને ૯ના વિદ્યાર્થીઓ માટે કાલે લેવાશે શિષ્યવૃત્તિ પરીક્ષા**

## અવસાન નોંધ

### ભોઇ - મરણ

સ્વ.છગનભાઇ કરશનભાઇ ચૌહાણ ના ધર્મપત્ની રૈયાબેન છગનભાઇ ચૌહાણ (ઉ.વ.૭૦) તા.૨૩-૪-૨૪ ના રામચરણ પામેલ છે. તે હિતેષભાઇ બાલકૃષ્ણભાઇ, સંદિપભાઇના માતુશ્રી થાય. મિતલબેન, સુમનબેનના સાસુ થાય. વેદાંત, ઇવાંશીના દાદી થાય. સ્વ. ભીખાભાઇ પરશોતમભાઇ મઠીયા, સ્વ.રમેશભાઇ પરશોતમભાઇ મઠીયા, સ્વ. પ્રેમજીભાઇ પરશોતભાઇ મઠીયાના બેન થાય. તે અશોકભાઇ પરશોતભાઇ જેઠવાના બેન થાય. સ્વ.યોગેશભાઇ, નિલેષભાઇ, શનિના ફઇબા થાય. તેમનું બેસણું તા.૨૬-૪-૨૪ ને શુક્રવાર સાંજે ૪ થી ૬ મહાકાળીમાંના મંદિરે રેલ્વે સ્ટેશન રોડ, સુરેશ તમાકુની સામે ભાવનગર ખાતે રાખેલ છે.

### મુસ્લીમ પઠાણ મરણ

ઐયુબખાન અ.રજાકખાન પઠાણના ઔરત બતુલબાનુ ઉ.વ.૬૦, ઘંટીવાળા, તા. ૨૫ને ગુરૂવારના રોજ જન્નતનશીન થયેલ છે. તે સોયબખાન, આમીરખાનના મમ્મી, ઈમરાનખાન ઉવેશનબીના સાસુ, મર્હુમ ઇસ્લીમખાન, મર્હુમ યુનુસખાન, મહેબુબખાનના ભાઈના ઔરત, મજીદભાઈ (કુરેશી ગેરેજવાળા), મહેમુદખાન (ખાનસાહેબ ચાવાળા), મહેબુબખાન (આર.ટી.ઓ)ના સાળાના ઔરત, મર્હુમ અ.સતારભાઈ (તાળા ચાવીવાળા)ના દિકરી, રફીકભાઈ (તાળાચાવી વાળા), મર્હુમ સલીમભાઈ (તાળાચાવી વાળા)ના બહેન, સાદિકભાઇ (બેકરીવાળા)ના સાળી, મર્હુમની જીયારત તા. ૨૭ને શનિવારે સવારે ૮:૩૦ કલાકે મર્દો માટે મોમીનવાડ મસ્જીદ તેમજ ઔરતો માટેની જીયારત સવારે ૧૦:૩૦ કલાકે મહેફીલે મહોબ્બત સિપાઈ જમાતખાના સાંઢીયાવાડ, ભાવનગર ખાતે રાખેલ છે.

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર**

**અરજી નં.૬૭/૨૦૨૪**
**જ.તા.૧૪/૧૨/૨૦૦૧**

**શ્રી ઘનશ્યામભાઈ નંદરામભાઈ દુધરેજીયા**
**રહે.ચકુતલાવડી, ગૌશાળા પાસે, ઘોઘારોડ,ભાવનગર**

**વિરૂદ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી,**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી**
**ભાવનગર**

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ઘનશ્યામભાઈ નંદરામભાઈ દુધરેજીયા રહે.ચકુતલાવડી, ગૌશાળા પાસે, ઘોઘારોડ, ભાવનગર તેમના પુત્રી નિશાબેન ઘનશ્યામભાઈ દુધરેજીયાનો જન્મ તા.૧૪/૧૨/૨૦૦૧ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઇસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલ મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમિયાન રજૂ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજરોજ તા.૧૯/૦૪/૨૦૨૪ માહેઃએપ્રિલ સને ૨૦૨૪ રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**હુકમથી**

**કોર્ટનો સિક્કો**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર**

**અરજી નં.૬૨/૨૦૨૪**
**જ.તા.૧૦/૦૬/૧૯૯૭**

**શ્રી ચેતનાણી સાધનાબેન પીતાંબરદાસ**
**રહે.દેવુમાનાં મંદિરની પાસે, મફતનગર,**
**સિંધુનગર,ભાવનગર.**

**વિરૂદ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી,**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી**
**ભાવનગર**

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ચેતનાણી સાધનાબેન પીતાંબરદાસ રહે.દેવુમાના મંદિરની પાસે, મફતનગર, સિંધુનગર, ભાવનગર તેમના પુત્ર જયેશ પીતાંબરદાસ ચેતનાણીનો જન્મ તા.૧૦/૦૬/૧૯૯૭ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઇસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલ મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમિયાન રજૂ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજરોજ તા.૧૯/૦૪/૨૦૨૪ માહેઃએપ્રિલ સને ૨૦૨૪ રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**હુકમથી**

**કોર્ટનો સિક્કો**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ભાવનગર**

**અરજદાર તરફે વિ.વ. શ્રી જે.એમ. ગોહિલ**

**પાલીતાણાના મ્હે. એડી.ચીફ જ્યુડી. મેજી.સાહેબની કોર્ટમાં, પાલિતાણા**

**પર.ફોજ અરજી નં. ૧૮૩/૨૦૨૪**
**મુ. તા : ૨૦/૦૫/૨૦૨૪**

**ગોહીલ બળવંતસિંહ જીલુભા,**
**રહે. મું.જાળીયા (ખારાના)**
**પાલીતાણા, જી.ભાવનગર ...અરજદાર**

**વિરૂધ્ધ**

**જન્મ/મરણ નોંધણી અધિકારીશ્રી,**
**જાળીયા (ખારાના) ગ્રામ પંચાયત કચેરી,**
**તા.પાલીતાણા. જી.ભાવનગર, .....સામાવાળા**

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા**

**જાહેર નોટીસ**

**આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદાર ગોહીલ બળવંતસિંહ જીલુભા રહે.ગામ-જાળીયા (ખારાના), તા.પાલિતાણાવાળાઓએ તેમના મોટાબાપુ ''ગુમાનસિંહ બાલુભા ગોહીલ''નું મરણ તા-૦૧/૧૨/૧૯૭૪ના રોજ ગામ-જાળીયા (ખારાના), તા.પાલીતાણા મુકામે થયેલ છે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે જે મુજબ અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દાખલ કરેલ છે.**

**આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોઈ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ : ૨૦/૦૫/૨૦૨૪ ના રોજ સવારે ૧૦ : ૪૫ કલાકે હાજર રહેવું. તેમ કરવામાં કસુર થયેથી ધારાસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે .**

**આજરોજ તા.૨૦મી માહે : એપ્રિલ, સને-૨૦૨૪ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.**

**હુકમથી**
**(જે.કે.અંધારીયા)**
**રજીસ્ટ્રાર**
**પ્રિન્સી.સિનિ.સિવિલ અને એડી.ચીફ જ્યુડી.મેજી.કોર્ટ, પાલીતાણા**

**કોર્ટનો સિક્કો**

**તૈયાર કરનાર, (એ.બી.કુરેશી) આસિસ્ટન્ટ.**

**મુકાબલ કરનાર (વી.વી.દસાડિયા) ડે.રજીસ્ટાર**

# અમિતાભ બચ્ચનને મોટું સન્માન મળ્યું, મોદીને પણ લતા દીનાનાથ મંગેશકર એવોર્ડ મળ્યો

મુંબઇ,

દીનાનાથ મંગેશકર નાટ્યગૃહ ખાતે આયોજિત કાર્યક્રમમાં બોલિવૂડ મેગાસ્ટાર અમિતાભ બચ્ચનને પ્રતિષ્ઠિત લતા દીનાનાથ મંગેશકર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ અવસર પર અમિતાભ બચ્ચને સ્વર્ગસ્થ ગાયિકા લતા મંગેશકરને યાદ કરીને પોતાના ભાવનાત્મક વિચારો શેર કર્યા હતા. બિગ બીને સંગીત, કલા, સંસ્કૃતિ અને સામાજિક કાર્યમાં તેમના અજોડ યોગદાન માટે આ એવોર્ડ આપવામાં આવ્યો છે.

બિગ બીએ આ ઈવેન્ટ માટે કુર્તા-પાયજામા સેટ સાથે મલ્ટીકલર્ડ શાલ પહેરી હતી. તેમની સાથે, શિવાંગી કોલ્હાપુરે, રણદીપ હુડા, એઆર રહેમાન અને મહારાષ્ટ્ર ભૂષણ ૨૦૨૩ વિજેતા અશોક સરાફ જેવા ઘણા પ્રખ્યાત કલાકારો સ્ટેજ પર જોઈ શકાય છે. લતા મંગેશકરના પિતા અને થિયેટર-સંગીતના દિગ્ગજ દિનાનાથ મંગેશકરના સ્મૃતિ દિવસે ૨૪ એપ્રિલે અમિતાભ બચ્ચનને આ એવોર્ડ મળ્યો હતો. અમિતાભ માટે તેમના ચાહકો માટે આ એવોર્ડ મેળવવો ગર્વની વાત છે. ભારતીય સિનેમાના શહેનશાહ અમિતાભ બચ્ચન એક એવું નામ છે જેને માત્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં પોતાની એક અલગ ઓળખ બનાવી છે. તેમની ફિલ્મી સફર સંઘર્ષ, સફળતા, ઉતાર-ચઢાવ અને પછી શિખરે પહોંચવાની વાર્તા છે. આ ઉપરાંત, પીઢ અભિનેતાએ અત્યાર સુધીમાં ૨૦૦ ફિલ્મોમાં અભિનય કર્યો છે. હવે તે ટૂંક સમયમાં પ્રભાસ અને દીપિકા પાદુકોણ અભિનીત ફિલ્મ ‘કલ્કી ૨૮૯૮ એડી’માં જોવા મળશે. આ ફિલ્મનો તેનો ફર્સ્ટ લૂક પણ સામે આવ્યો છે, જેમાં તેનો અવતાર એકદમ અલગ દેખાઈ રહ્યો છે.


મંગેશકરની બહેન ઉષા મંગેશકરે અમિતાભને પોતાના હાથે એવોર્ડ આપ્યો હતો.

# ભારતીય મૂળનો ‘ભાગેડું’ કેનેડાની ૨૫ મોસ્ટ વોન્ટેડની યાદીમાં સામેલ, ૫૦ હજાર ડોલરનું ઈનામ

ટોરેન્ટો,

૨૧ વર્ષીય પવનપ્રીત કૌરની હત્યા મામલે વોન્ટેડ ભારતીય મૂળનો ભાગેડું ધરમ સિંહ ધાલીવાલને કેનેડાની પોલીસે દેશની ૨૫ મોસ્ટ વોન્ટેડની યાદીમાં સામેલ કર્યો છે. ધાલીવાલની ધરપકડ માટે કોઈ પણ માહિતી આપનાર વ્યક્તિને ૫૦ હજાર કેનેડિયન ડોલરનું ઈનામ મળશે. ધાલીવાલને ખતરનાક માનવામાં આવી રહ્યો છે.



કેનેડિયન પોલીસે જણાવ્યું કે, ધરમનું ગ્રેટર ટોરોન્ટો એરિયા, વિન્નિપેગ, વૈંકૂવર/લોઅર મેનલેન્ડ અને ભારતમાં કનેક્શન છે. પીલ રિજનલ પોલીસ ફર્સ્ટ-ડિગ્રી મર્ડર માટે ધરમ ધાલીવાલને વોરંટ પર ઈચ્છે છે. ધરમ ધાલીવાલને શોધવા માટે બીઓએલઓ (બી ઓન ધ લુક આઉટ) પ્રોગ્રામનો સહારો લેવામાં આવી રહ્યો છે. આ પ્રોગ્રામ દ્વારા ગંભીર ગુનાઓમાં વોન્ટેડ ગુનેગારો પર નજર રાખવામાં આવે છે. તે કેનેડાના મોસ્ટ વોન્ટેડ શંકાસ્પદોની તલાશમાં નાગરિકોને સામેલ કરવા માટે સોશિયલ મીડિયા અને ટેક્નોલોજીનો સહારો લે છે. ૨૧ વર્ષીય પવનપ્રીત કૌરને ડિસેમ્બર ૨૦૨૨માં બ્રેમ્પટન, ગ્રેટર ટોરોન્ટો એરિયામાં પેટ્રો-કેનેડા ગેસ સ્ટેશન પર ગોળી મારી દીધી હતી.

# કેન્યામાં પૂરને લીધે ચારેબાજુ વિનાશ, ૩૮ લોકોનાં મોત, લાખો અસરગ્રસ્ત

નૌરોબી,

આફ્રિકન દેશ કેન્યામાં મૂશળધાર વરસાદે વિનાશ વેર્યો છે. ભારે વરસાદને લીધે દેશના ઘણા વિસ્તારો જળમગ્ન થયા છે. પૂરના પાણીથી સ્થિતિ બેકાબૂ બની ગઈ છે. અત્યાર સુધી ૨૮ લોકોનાં મોત થઈ ચુક્યા છે. અડધું કેન્યા આ સમયે પૂરના પાણીમાં ગરકાવ થયું છે. પૂરથી લાખો લોકોને અસર થઈ છે. માર્ગો, શેરીઓ અને લોકોના ઘરમાં પાણી ભરાઈ ગયા છે. રસ્તાઓમાં વાહનો પાણીમાં ડૂબી ગયા છે. વરસાદથી જનજીવન ખરાબ રીતે પ્રભાવિત થયું છે. લોકો સુધી રાહત પહોંચી નથી રહી.

કેન્યા દેશની રાજધાની નૈરોબીમાં પૂરના કારણે ઘણા રસ્તાઓ બંધ થઈ ગયા છે અને ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. નૈરોબીમાં સ્થિતિ ખૂબ જ મુશ્કેલ બની ગઈ છે, દરેક જગ્યાએ પાણી જ દેખાઈ રહ્યું છે. સરકાર રાહત અને બચાવ કાર્યમાં તમામ સંસાધનોનો ઉપયોગ કરી રહી છે પરંતુ સ્થિતિ નિયંત્રણ બહાર છે. કેન્યા રેડ ક્રોસ સોસાયટીએ કહ્યું કે તેણે માથારેમાં ૧૮ લોકોને બચાવ્યા છે. નૈરોબીમાં ભારે વરસાદને કારણે આ લોકો ત્યાં ફસાયા હતા. દેશના અન્ય ભાગોમાં પણ લોકોના જીવ બચાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# મોદીએ ભારતમાં અવિશ્વસનીય કામ કર્યું, અમેરિકાને આવા નેતાની જરૂર છે, જેમી ડિમોન

વોશિંગ્ટન,

યુએસ સ્થિત બેંકિંગ ફર્મ જેપી મોર્ગન ચેઝના હેડ જેમી ડિમોને પીએમ મોદીના વખાણ કર્યા છે. તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી, વસ્તીના મોટા વર્ગને ગરીબીમાંથી બહાર કાઢવામાં સરકારની સિદ્ધિઓની નોંધ લીધી. ડિમોન ઈકોનોમિક ક્લબ ઓફ ન્યૂયોર્ક દ્વારા આયોજિત લંચમાં બોલી રહ્યા હતા. તેમણે કહ્યું, ‘મોદીએ ભારતમાં અવિશ્વસનીય કામ કર્યું છે. હું જાણું છું કે અહીં ઉદારવાદી પ્રેસે તેમની ભારે ટીકા કરી છે. તેમણે ૪૦ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા છે. તેમણે ગરીબી નાબૂદી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને નોકરશાહી સુધારામાં પીએમ મોદીના પ્રયાસોને પ્રકાશિત કર્યા.



તેમણે આગળ કહ્યું, ‘ઘણા અમેરિકન અધિકારીઓ ભારત વિશે કલ્પના કરે છે. આપણે કેવી રીતે વિચારી શકીએ કે તેઓએ તેમનો દેશ કેવી રીતે ચલાવવો જોઈએ? મોદી પડકારોનો હિંમતપૂર્વક સામનો કરી રહ્યા છે. તેમણે કહ્યું, ‘કેટલાક દેશોની સરકારો ક્લાઈમેટ ચેન્જ અને મજૂર અધિકારો પર પીએમ મોદીની ટીકા કરે છે. આમ છતાં ભારતમાં લાખો લોકો પાસે શૌચાલય જેવી મૂળભૂત બાબતો નથી. ડિમોને આગળ કહ્યું, ‘તેઓએ આ અદ્ભુત ટ્રેન્ડ શરૂ કર્યો જેમાં દરેક નાગરિકને હાથ, આંખ કે આંગળીથી ઓળખવામાં આવે છે.’ અહીં તેઓ આધાર વિશે વાત કરી રહ્યા છે, જેની ઓળખ માટે આંખો અને હાથનું સ્કેન જરૂરી છે.

# ૨૫,૦૦૦ કરોડના બેંક કૌભાંડ કેસમાં અજિત પવારની પત્નીને મુંબઈ પોલીસની ક્લીનચીટ

નવીદિલ્હી,

૨૫ હજાર કરોડના બેંક કૌભાંડ કેસમાં અજિત પવારની પત્ની સુનેત્રા પવારને મોટી રાહત મળી છે. મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ જિલ્લા સહકારી બેંક કૌભાંડ કેસમાં નાયબ મુખ્યમંત્રી અજિત પવારની પત્નીને ક્લીનચીટ આપી છે. એનસીપીએ સુનેત્રા પવારને બારામતી લોકસભા સીટ પરથી ઉમેદવાર બનાવ્યા છે. ચૂંટણી પહેલા ક્લીનચીટ મળતાં તેમણે રાહતનો શ્વાસ લીધો છે. આ સીટ પર સુનેત્રા પવાર શરદ પવારની પુત્રી અને બારામતીના સાંસદ સુપ્રિયા સુલે સામે ચૂંટણી લડી રહ્યા છે.

ઈઓડબ્લ્યુ દ્વારા ફાઈલ કરવામાં આવેલા ક્લોઝર રિપોર્ટમાં એવું કહેવામાં આવ્યું છે કે, જરાંદેશ્વર કો-ઓપરેટિવ સુગર મિલ કોમોડિટી પાસેથી ભાડા પર જરાંદેશ્વર સુગર મિલ્સ પ્રાઈવેટ લિમિટેડની મિલકત લેવામાં કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવામાં આવી નથી. આ સિવાય અજિત પવારના ભત્રીજાને પણ ઈઓડબ્લ્યુ દ્વારા ક્લીનચીટ આપવામાં આવી છે. તમને જણાવી દઈએ કે ઈઓડબ્લ્યુએ રોહિત પવાર સાથે જોડાયેલી કંપનીઓને પણ ક્લીન ચીટ આપી છે.

# અવકાશમાં પરમાણુ હથિયારોની તૈનાતી વિરુદ્ધ પ્રસ્તાવ પર રશિયાનો વીટો

મોસ્કો,

રશિયાએ યુએન સિક્યુરિટી કાઉન્સિલની બેઠકમાં આઉટર સ્પેસ ટ્રીટી ઠરાવને વીટો કરીને અવરોધિત કર્યો હતો. જેના કારણે અમેરિકા ગુસ્સે છે. અમેરિકાએ રશિયા પર આરોપ લગાવ્યો છે કે રશિયા સેટેલાઇટ વહન કરતા પરમાણુ હથિયારો વિકસાવી રહ્યું છે અને તેથી જ તેણે આ પ્રસ્તાવને વીટો કર્યો હતો. આઉટર સ્પેસ ટ્રીટી હેઠળ પરમાણુ હથિયારો સહિત ખતરનાક શસ્ત્રો અવકાશમાં તૈનાત પર પ્રતિબંધ મૂકવાની તૈયારી હતી. જોકે, રશિયાના વીટોના કારણે અમેરિકાનો આ ઈરાદો પુરો થઈ શક્યો નથી.

અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાને એક નિવેદનમાં કહ્યું હતું કે ’જેમ કે અમે પહેલા નોંધ્યું છે કે, રશિયા ઉપગ્રહ વહન કરતા પરમાણુ હથિયારો વિકસાવી રહ્યું છે. અમે સાંભળ્યું છે કે રાષ્ટ્રપતિ પુતિને જાહેરમાં કહ્યું હતું કે રશિયાની અવકાશમાં પરમાણુ શસ્ત્રો જમાવવાની કોઈ યોજના નથી. જો એમ હોય તો રશિયાએ આ પ્રસ્તાવ સામે વીટો શા માટે આપ્યો? સુલિવાને કહ્યું કે ’યુએસ અને જાપાન દ્વારા સંયુક્ત રીતે લાવવામાં આવેલા ઠરાવમાં નક્કી કરવામાં આવ્યું હશે કે અવકાશમાં પરમાણુ હથિયારોની જમાવટ મૂળભૂત જવાબદારીઓ વિરુદ્ધ છે. ઠરાવમાં એવી પણ માગણી કરવામાં આવી હતી કે સભ્ય દેશો પૃથ્વીની ભ્રમણકક્ષામાં તૈનાત કરી શકાય તેવા પરમાણુ શસ્ત્રો ન બનાવે. અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારે કહ્યું કે ’પૃથ્વીની ભ્રમણકક્ષામાં પરમાણુ શસ્ત્રોની જમાવટથી સંચાર, વૈજ્ઞાનિક, હવામાનશાસ્ત્ર, કૃષિ, વાણિજ્યિક અને રાષ્ટ્રીય સુરક્ષા સેવાઓમાં વિક્ષેપ પડવાનો ભય છે.’

# વિજયવાડા જતી કાર પાર્ક કરેલી ટ્રક સાથે અથડાઈ, મહિલા, બાળક સહિત ૬ના મોત

વિજયવાડા,

તેલંગાણામાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે. આ અકસ્માતમાં છ લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે. હૈદરાબાદથી વિજયવાડા જતી વખતે કારે મુતંગી આઉટર રિંગ રોડ પર પાછળથી પાર્ક કરેલી લારીને ટક્કર મારી હતી. અથડામણ થતાંની સાથે જ એકાએક વિસ્ફોટ થયો અને કાર સંપૂર્ણ રીતે બળીને ખાખ થઈ ગઈ. આ ભયાનક માર્ગ અકસ્માતમાં એક મહિલા અને એક બાળક સહિત છ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ અકસ્માત નાલગોંડાના કોદાદ શહેરમાં દુર્ગાપુરમ હાઈવે પર થયો હતો.

હૈદરાબાદના છ લોકોએ જીવ ગુમાવ્યો જ્યારે એક કાર રસ્તાની બાજુમાં પાર્ક કરેલી લારી સાથે અથડાઈ. મૃતકોમાં ચાર પુરુષ, એક મહિલા અને એક બાળકનો સમાવેશ થાય છે. આ લોકો વિજયવાડા જઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત થયો હતો. તુટી જવાના કારણે ટ્રક રોડની સાઈડમાં ઉભી હતી. ત્યારે પાછળથી આવતી કાર તેની સાથે અથડાઈ હતી. કોડાડા વિસ્તારમાં આવી જ બીજી દુર્ઘટનાના ત્રણ દિવસ બાદ આ અકસ્માત થયો હતો. ગત બનાવમાં ટીપર કારની ટક્કરે યુવાન દંપતિનું મોત થયું હતું.

# ભારતીય ડોક્ટરોએ પાકિસ્તાની યુવતીને આપ્યું નવું જીવન

નવી દિલ્હી :

સરહદ પાર પાકિસ્તાનમાં રહેતી એક ૧૯ વર્ષની છોકરીને ભારતમાં નવું જીવન મળ્યું છે. તાજેતરમાં ચેન્નાઈના MGM હેલ્થકેરમાં આયેશા રાશન નામની છોકરીનું હૃદયનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું હતું. છેલ્લા ૫ વર્ષથી હૃદયની બિમારીથી પીડિત આયેશાને નવું જીવન આપવા માટે ભારતના ડૉક્ટરોએ કામ કર્યું છે. ચેન્નાઈના ડોક્ટરોએ દિલ્હીની હોસ્પિટલમાંથી લાવવામાં આવેલા ૬૯ વર્ષના બ્રેઈન-ડેડ દર્દીનું હૃદય ટ્રાન્સપ્લાન્ટ કર્યું છે. TOIના અહેવાલ મુજબ, આયેશાએ કહ્યું કે હું હવે સરળતાથી શ્વાસ લઈ શકું છું. હું કરાચીમાં મારું શાળાકીય શિક્ષણ પૂર્ણ કરવાની યોજના બનાવી રહ્યો છું. મારે ફેશન ડિઝાઈનર બનવું છે."

પાકિસ્તાનના કરાચીની રહેવાસી આયેશા ૨૦૧૯માં પહેલીવાર ભારત આવી હતી, જ્યારે તેને હાર્ટ એટેક આવ્યો હતો. જેના કારણે હૃદય યોગ્ય રીતે કામ કરતું ન હતું. તે સમયે અદ્યારની મલાર હોસ્પિટલમાં રહેલા સિનિયર કાર્ડિયાક સર્જન ડૉ. કે.આર. તેણે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની સલાહ આપી. આ પછી તેનું નામ એવા દર્દીઓની યાદીમાં મૂકવામાં આવ્યું કે જેમને ટ્રાન્સપ્લાન્ટની જરૂર છે. તે સમયે, ડોક્ટરોએ આયેશાના હૃદયની જમણી બાજુએ વેન્ટિલેટર લગાવ્યું હતું, જે વેન્ટ્રિકલને લોહી પંપ કરવામાં મદદ કરે છે. જો કે, વર્ષ ૨૦૨૩માં તેની જમણી બાજુએ પણ કામ કરવાનું બંધ કરી દીધું હતું. આયેશાને મુશ્કેલીમાં જોઈને તેના માતા-પિતા ખૂબ ચિંતિત થઈ ગયા. આ અંગે બાળકીની માતા સનોબર રાશને કહ્યું કે અમે અમારી દીકરીને આ રીતે પીડાતી જોઈ શકતા નથી.

# ચૂંટણી વચ્ચે રિજિજુના નિવેદનથી હોબાળો : અરુણાચલથી એક લાખ ચકમા શરણાર્થીને આસામ મોકલાશે

નવીદિલ્હી,

આસામમાં બીજા તબક્કાના મતદાનથી પહેલાં નવા મુદ્દાને લઇને રાજકીય ગરમી વધી ગઇ છે. હકીકતમાં બે દિવસ પહેલાં જ કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુએ કહ્યું હતું કે અરુણાચલ પ્રદેશમાં રહેતા ચકમા અને હાજોંગ શરણાર્થીઓને ચૂંટણી બાદ સીએએ કાયદાની જોગવાઇઓ હેઠળ આસામમાં શિફ્ટ કરવામાં આવશે. તેમના આ નિવેદન બાદ વિરોધ પ્રદર્શનની શરૂઆત થઇ ગઇ છે.

આસામના મુખ્યમંત્રી હેમંત બિસ્વા સરમાએ કહ્યું કે કેન્દ્ર સરકારે આને લઇને હજુ સુધી કોઇ નિર્ણય કર્યો નથી. આસામ જાતીય પરિષદ અને કોંગ્રેસે કહ્યું કે અમે રાજ્યમાં ચકમા લોકોને વસવાટની મંજૂરી આપીશું નહીં. બીજી બાજુ ચકમા ડેવલપમેન્ટ ફાઉન્ડેશન ઓફ ઇન્ડિયાના સંસ્થાપક સુહાસ ચકમાએ કહ્યું કે રિજિજુનું નિવેદન મત હાંસલ કરવા સાથે સંબંધિત છે. ચકમા મૂળ રીતે બૌદ્ધધર્મના આદિવાસી લોકો છે. જ્યારે બાંગ્લાદેશની રચના કરવામાં આવી ત્યારે તેમને ત્યાંથી ફરાર થવાની ફરજ પડી હતી. આસામ કોંગ્રેસના અધ્યક્ષ ભુપેન બોરાહે કહ્યું કે ચકમા લોકોને ચૂંટણી બાદ રાજ્યમાં વસાવવા માટેની યોજનાને અમલી કરવાની તક અપાશે નહીં.

# કર્ણાટકના તમામ મુસ્લિમોને એક કાગળ પર લેબલ લગાવીને ઓબીસી તરીકે ઓળખવામાં આવ્યા, વડાપ્રધાન નરેન્દ્ર મોદી

લખનૌ,

વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે ઉત્તરપ્રદેશમાં ચુંટણી રેલીઓને સંબોધન કર્યું હતું તેમણે આ રેલીઓમાં વિરોધ પક્ષોને નિશાન પર લીધા હતાં વડાપ્રધાન મોદીએ શાહજહાંપુરમાં બરેલી મોડ મેદાનમાં ભાજપના ઉમેદવારના સમર્થનમાં એક જનસભાને સંબોધી હતી. સંબોધન પહેલા નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠક અને કેબિનેટ મંત્રી સુરેશ કુમાર ખન્નાએ મંચ પર હનુમાનજીની તસવીર રજૂ કરીને તેમનું સ્વાગત કર્યું હતું.



મોદીએ કહ્યું કે કોંગ્રેસ કર્ણાટક મોડલને સમગ્ર દેશમાં લાગુ કરવા માંગે છે. કર્ણાટક મોડલ એ છે કે ઓબીસીને આપવામાં આવેલા ૨૭ ટકા ક્વોટામાંથી તે મુસ્લિમ જાતિઓને આપવામાં આવ્યો છે. કર્ણાટકના તમામ મુસ્લિમોને એક કાગળ પર લેબલ લગાવીને ઓબીસી તરીકે ઓળખવામાં આવ્યા. તેણે કહ્યું, શું તમે આવા મોડેલને સ્વીકારો છો?

વડાપ્રધાને કહ્યું કે સપાના લોકોએ કાર સેવકો પર ગોળીબાર કર્યો હતો. કોંગ્રેસના લોકો રામ મંદિરનું નિર્માણ અટકાવી રહ્યા હતા. મંદિરના નિર્માણને રોકવા માટે સપા કોંગ્રેસે અનેક પાપ કર્યા. તેના પાપોને માફ કરીને મંદિરના ટ્રસ્ટીઓ તેના ઘરે ગયા અને તેને આમંત્રણ આપ્યું. રામ મંદિરનું આમંત્રણ મળવું એ સાત જન્મનું પુણ્ય છે. તેણે આ બાબતને પણ ફગાવી દીધી હતી.

વડાપ્રધાને કહ્યું કે પહેલા લખનૌ-કાનપુરમાં દરરોજ આતંકવાદી હુમલા અને બોમ્બ વિસ્ફોટ થતા હતા. આ સિવાય સપા અને કોંગ્રેસના લોકો પણ કશું કહી શક્યા નથી, કારણ કે તેઓએ એવું કંઈ કર્યું નથી જેના વિશે તેઓ જાણી શકે. આતંકવાદીઓના મોત પર કોંગ્રેસના મોટા નેતાઓ આંસુ વહાવી રહ્યા હતા. આટલું જ નહીં, એસપીના લોકો એવા હતા કે તેઓ જેલમાં રહેલા આતંકવાદીઓને છોડાવવા માટે વિવિધ કાયદાકીય માર્ગો શોધી રહ્યા હતા.

# કોંગ્રેસના મેનિફેસ્ટોથી ડરીને ભાજપે જુઠ્ઠાણાંનો આશરો લીધો, ચિદમ્બરમ

નવીદિલ્હી,

કૉંગ્રેસના નેતા પી ચિદમ્બરમે ગુરુવારે કહ્યું હતું કે મિલકતની વહેંચણી અને વારસાગત કરને લઈને જે વિવાદ સર્જાઈ રહ્યો છે તે દર્શાવે છે કે ભાજપ કૉંગ્રેસના ચૂંટણી ઢંઢેરાથી ડરી ગઈ છે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે મોદીની ગેરંટીનો ક્યાંય પત્તો નથી અને ભાજપે જુઠ્ઠુ બોલવા, વિકૃત નિવેદનો અને અપશબ્દોનો આશરો લીધો છે. પી ચિદમ્બરમ કોંગ્રેસનો ઢંઢેરો તૈયાર કરનાર સમિતિના અધ્યક્ષ હતા.

પી. ચિદમ્બરમે એક નિવેદનમાં કહ્યું કે ’તે સ્પષ્ટ છે કે ભાજપ કોંગ્રેસના ઢંઢેરામાં નારાજ છે. કોંગ્રેસના ઢંઢેરાની અસર લોકોની વિચારસરણી પર અને ખાસ કરીને મધ્યમ વર્ગ અને ગરીબો પર પડી છે. તેમણે કહ્યું કે ’કોંગ્રેસનો ઢંઢેરો દલિતો, આદિવાસીઓ, પછાત વર્ગો, યુવાનો અને મહિલાઓમાં નવી આશા જગાડી રહ્યો છે.’ ચિદમ્બરમે કહ્યું હતું કે ’સંપત્તિ વિતરણ અને વારસાગત કરને લઈને તાજેતરનો વિવાદ દર્શાવે છે કે ભાજપ ભયમાં છે. જાહેરનામામાં કથિત મિલકતના વિતરણ અને વારસાઈ કરનો કોઈ ઉલ્લેખ નથી.

# ગ્લોબલ ટાઈમ્સે લખ્યું, ભારતના પડોશીઓ તેનાથી દૂર જઈ રહ્યા છે

બીજીંગ,

માલદીવની સંસદીય ચૂંટણીમાં રાષ્ટ્રપતિ મુઈઝ્ઝુ જીત બાદ ચીનના મીડિયા ગ્લોબલ ટાઈમ્સે ભારતની વિદેશ નીતિ પર સવાલ ઉઠાવ્યા છે. ગ્લોબલ ટાઈમ્સે તેના લેખમાં કહ્યું છે કે ભારત ’નેબરહુડ ફર્સ્ટ પોલિસી’ (પડોશી દેશોને પ્રાથમિકતા આપવી) અનુસરે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ભારતનું વલણ ’નેબર ફર્સ્ટ પોલિસી’થી બદલાઈને ’ઈન્ડિયા ફર્સ્ટ’ થઈ ગયું છે.

ભારત જેટલો દક્ષિણ એશિયામાં પોતાનો પ્રભાવ વધારવાનો પ્રયાસ કરે છે, તેટલા જ તેના પડોશી દેશો તેનાથી દૂર જઈ રહ્યા છે. આનાથી સાબિત થાય છે કે ભારત દક્ષિણ એશિયાને બેકયાર્ડ માને છે. તે દક્ષિણ એશિયાના દેશો પર ભારત અને ચીન વચ્ચે પસંદગી કરવા દબાણ કરે છે.



શાંઘાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ટરનેશનલ સ્ટડીઝના પ્રોફેસર લુ જોંગીએ ગ્લોબલ ટાઈમ્સને જણાવ્યું કે માલદીવની સંસદીય ચૂંટણી એ વાતનો પુરાવો છે કે ત્યાંના લોકો હવે ભારતના આદેશોનું પાલન કરવા માંગતા નથી. તેમણે સ્વતંત્ર વિદેશ નીતિ પસંદ કરી છે. તે આર્થિક અને સામાજિક વિકાસને પ્રાથમિકતા આપે છે.

ગ્લોબલ ટાઈમ્સે તેના લેખમાં આગળ લખ્યું છે કે, ભારતના આક્રમક વલણના કારણે પાડોશી દેશોમાં ભારત વિરોધી ભાવનાઓ ઉભી થઈ રહી છે. ભારત-ચીન દુશ્મનો નહીં પરંતુ ભાગીદાર છે. માલદીવના લોકોએ પણ મુઈઝ્ઝુને ચૂંટ્યા છે કારણ કે તેમને લાગે છે કે ભારત માલદીવની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ કરી રહ્યું છે, જેનાથી તેની સ્વતંત્રતા સામે ખતરો છે. માલદીવ ભારત અને ચીન બંને સાથે સારા સંબંધો જાળવી રાખવા માંગે છે.

માલદીવની ચૂંટણી તેમનો આંતરિક મામલો છે અને ચીન તેનું સન્માન કરે છે. પરંતુ કેટલાક પશ્ચિમી મીડિયાએ આ ચૂંટણીઓને લાઈમલાઈટમાં લાવવાનું કામ કર્યું હતું. તેમણે કહ્યું કે આ ચૂંટણી વાસ્તવમાં ભારત અને ચીન વચ્ચેની હરીફાઈ છે. આ સિવાય ભારતના કેટલાક મીડિયા આઉટલેટ્સે પણ પોતાના રિપોર્ટમાં કહ્યું કે માલદીવનો ઝુકાવ ચીન તરફ વધી રહ્યો છે.

વાસ્તવમાં માલદીવમાં ૨૧ એપ્રિલે યોજાયેલી સંસદીય ચૂંટણીમાં રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝુની પાર્ટીને પ્રચંડ બહુમતી મળી હતી. ૯૩ બેઠકો પર યોજાયેલી ચૂંટણીમાં મુઈઝ્ઝુની પાર્ટી નેશનલ પીપલ્સ કોંગ્રેસ અને તેના સમર્થક પક્ષોને ૭૧ બેઠકો મળી હતી.જયારે ભારત તરફી એમડીપીને માત્ર ૧૨ બેઠકો મળી હતી. ચૂંટણીમાં જીત બાદ મંગળવારે મુઈઝ્ઝુનું નિવેદન પણ સામે આવ્યું છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે પરિણામો પછી આંતરરાષ્ટ્રીય સમુદાયને ખબર પડશે કે માલદીવ તેની સંપ્રભુતા અને સ્વતંત્રતા સાથે ક્યારેય સમજૂતી નહીં કરે.

# બળાત્કારના આરોપમાં ઓવૈસીની પાર્ટીના નેતા દાનિશ અઝીઝની ધરપકડ કરાઇ

કોલકતા,

પશ્ચિમ બંગાળમાં, આસનસોલ ઉત્તર પોલીસ સ્ટેશને એઆઈએમઆઈએમના પશ્ચિમ બર્ધમાન જિલ્લા પ્રમુખ દાનિશ અઝીઝની પુરુલિયા જિલ્લાના આદ્રા વિસ્તારમાંથી ધરપકડ કરી છે. દાનિશ અઝીઝ પર ઝારખંડના ધનબાદ જિલ્લાના કેંદુઆની રહેવાસી અકિલા ખાતૂન ઉર્ફે મુસ્કાન સાથે લગ્નના બહાને શારીરિક સંબંધ બાંધવાનો આરોપ છે. મુસ્કાને પોતાના આરોપમાં જણાવ્યું હતું કે ડેનિશે પહેલા તેની સાથે મિત્રતા કરી હતી. પછી તેણે તેને તેના ખોટા પ્રેમમાં ફસાવી. આ દરમિયાન તેણે ઘણી વખત તેની સાથે શારીરિક સંબંધ બાંધવાનો પ્રયાસ કર્યો, પરંતુ મુસ્કાન રાજી ન થયો. આ પછી, સુનિયોજિત કાવતરાના ભાગરૂપે, ડેનિશે ગુપ્ત રીતે તેણીના કોર્ટરૂમમાં લગ્ન કરાવ્યા અને આયોજનના ભાગરૂપે, ૩૧મી જાન્યુઆરીએ તેણીને બહાર ફરવા લઈ ગયો.

આ દરમિયાન દાનીશે મુસ્કાનને એક હોટલમાં લાવીને તેની સાથે બે મહિનામાં લગ્ન કરી લેવાનું કહીને તેની સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા, પરંતુ ૩૧ જાન્યુઆરી પછી દાનીશે મુસ્કાનનો મોબાઈલ નંબર બ્લોક કરી દીધો હતો પરંતુ તેની સાથેનો તમામ સંપર્ક પણ તોડી નાખ્યો હતો ધીમે ધીમે અંતર બનાવવાનું શરૂ કર્યું. દરમિયાન મુસ્કાન અને તેના પિતા રશીદ કુરેશી દાનિશના માતા-પિતાને મળ્યા અને દાનિશના લગ્ન કરવાની વાત કરી, ત્યારબાદ તેઓએ પહેલા લગ્ન માટે સમય માંગ્યો. પછી તેણે પણ તેમનાથી અંતર જાળવવાનું શરૂ કર્યું.




ભાવનગર આવૃત્તિ 8

તા.૨૬-૦૪-૨૦૨૪, શુક્રવાર

LEELA NEWS NETWORK P. LTD

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫




# વાતાવરણમાં એકાએક પલ્ટો : ભર ઉનાળે શહેરમાં પરોઢીયે છાંટા વરસ્યા

## સવારે અનેક વિસ્તારોમાં પડેલા અમી છાટણાથી રસ્તાઓ ભીના થયા, વાતાવરણમાં ઠંડક થતા ગરમીમાં આશિક રાહત : જો કે, મોડેથી બફારો વધ્યો





તસવીર : મૌલીક સોની

ભાવનગર, તા.૨૬

ભાવનગર શહેરમાં આજે સવારે અચાનક વાતાવરણમાં પલટો આવતા અનેક વિસ્તારોમાં છાંટાથી લઈ ઝરમર વરસાદ વરસ્યો હતો. ભર ઉનાળે કમોસમી વરસાદથી ગરમીમાં આશિક રાહતનો અનુભવ લોકોને થયો હતો. જોકે ત્યારબાદ ભેજનુ પ્રમાણ વધતા બફારો પણ વધ્યો હતો. પલટાયેલા વાતાવરણ વચ્ચે ઝરમરથી ખેડૂતોમા ચિંતાનુ મોજુ જોવા મળ્યું હતુ.

રાજયના હવામાન વિભાગે ગુજરાતમાં આગામી દિવસોમાં ગરમીનું પ્રમાણ વધશે તેવી આગાહી કરી હતી ત્યારે ભાવનગરમાં આજરોજ સવારથી જ વાતાવરણમાં પલટો આવ્યો હતો અને આકાશમાં વાદળો છવાયા હતા. અને અચાનક સવારે શહેરના અનેક વિસ્તારોમાં ઝરમર વરસાદ વરસ્યો હતો, આમ, ભરઉનાળે ઝરમર વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા લોકોને ગરમીમાં મહદઅંશે રાહત થઈ હતી. પરંતુ હાલ કેરીનો પાક તૈયાર થઈ ચૂક્યો છે ત્યારે કમોસમી વરસાદથી કેરીના પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. પલટાયેલા વાતાવરણ વચ્ચે સવારે થયેલા ઝરમર વરસાદથી ખેડૂતોની ચિંતામાં વધારો થવા પામ્યો હતો જો કે ઝરમર વરસાદ બાદ બફારો વધ્યો હતો.

ભાવનગર શહેરમાં સવારે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો અને શહેરના અનેક વિસ્તારમાં સવારે ઝરમર વરસાદ વરસ્યો હતો. શહેરના વિવિધ વિસ્તારોમાં સુભાષનગર, મસ્તરામબાપા મંદિર, ચિત્રા યાર્ડ, આખલોલ જકાતનાકા, નારી ચોકડી, વરતેજ સહિતના વિસ્તારોમાં ઝરમર વરસાદ વરસ્યો હતો અને રસ્તાઓ ભીના થયા હતા. તો શહેરના અંતરિયાળ વિસ્તારોમાં પણ ક્યાંક ક્યાંક ઝરમર વરસાદ વરસ્યો હતો.

છેલ્લા પાચેક દિવસથી ભાવનગરમાં ૩૮-૩૯ ડીગ્રી તાપમાનનો પારો રહ્યો છે. ગઈકાલે ગુરુવારે ભાવનગરમાં દિવસનું તાપમાન ઘટીને ૩૭.૫ ડિગ્રી થયું હતું અને રાત્રિનું તાપમાન થોડું વધીને ૨૮ ડિગ્રીએ પહોંચી જવા પામ્યુ હતુ. ગુરુવારે દિવસ દરમ્યાન સરેરાશ 18 kmની ઝડપે પવન ફૂકાયો હતો જ્યારે રાત્રિના સરેરાશ ૧૨ દ્વની ઝડપે પવન ફૂકાયો હતો રાત્રિ દરમિયાન શહેરમાં ભેજનું પ્રમાણ ૪૬% રહેવા પામ્યુ હતુ અને સવારે ઝરમર વરસાદ બાદ ભેજનું પ્રમાણ વધ્યું હોય બફારાનુ પ્રમાણ પણ વધવા પામ્યું છે.

# હેલીકોપ્ટર રાઈડ માટે સાળંગપુર સજ્જ : કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર પરિસર નજીક બે હેલિપેડ તૈયાર

## ચૂંટણી પૂર્ણ થયા બાદ અમદાવાદ-સાળંગપુર વચ્ચે શરૂ થશે હેલિકોપ્ટરની ટુ વે રાઈડ, ૪૫ મિનીટમાં પહોંચી શકાશે



ભાવનગર, તા.૨૬

સાળંગપુરમાં વિરાજિત કષ્ટભંજન દેવ હનુમાનજીના દર્શને આવતા ભક્તો માટે એક પછી એક હાઈટેક સુવિધાનો ઉમેરો થઈ રહ્યો છે. ત્યારે આગામી લોકસભા ચૂંટણી પછી આખા ગુજરાતના યાત્રાધામમાં પહેલીવાર સાળંગપુર હનુમાનજી મંદિર માટે અમદાવાદથી ડેઈલી હેલિકોપ્ટર રાઈડ શરૂ કરાશે. આ માટે મંદિર પરિસરથી થોડે દૂર બે હેલિપેડ બનાવવામાં આવ્યા છે.

સાળંગપુર હનુમાનજી મંદિરના કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીએ જણાવ્યું કે, "આગામી લોકસભાની ચૂંટણી પછી થોડાક જ દિવસમાં અમદાવાદ-સાળંગપુરની ડેઈલી હેલિકોપ્ટરની રાઈડ શરૂ કરવામાં આવશે. આ માટે અત્યારે બની રહેલાં ગુજરાતના સૌથી મોટા ૧ હજારથી વધુ રૂમવાળા ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવન નજીક બે હેલિપેડ બનાવવામાં આવ્યા છે."

"અમદાવાદ-સાળંગપુર ડેઈલી હેલિકોપ્ટર રાઈડ માટે સંતો દ્વારા નક્કી કરાયેલા ચોપરમાં એકસાથે ૫ ભક્તો બેસી શકશે. અમદાવાદના કાંકરિયાથી મંદિર દ્વારા નક્કી કરાયેલાં સમય મુજબ હેલિકોપ્ટર ટેકઓફ કરશે. અમદાવાદથી સાળંગપુર આવતાં માત્ર ૪૫ મિનિટ જેટલો જ સમય લાગશે. આ હેલિકોપ્ટરની ટુ વે રાઈડની રહેશે. આ રાઈડ માટે ભક્તો ઓનલાઈન બુકિંગ પણ કરાવી શકશે.

# જૈન તિર્થ પાલિતાણા અને તલગાજરડાની હેલિકોપ્ટર રાઈડ માટે કંપનીને રસ પડ્યો

## પાલિતાણામાં હેલિપેડ માટે યોગ્ય જગ્યાની ખાનગી રાહે હાથ ધરાઈ તપાસ, તલગાજરડામાં પહેલેથી જ ઉપલબ્ધ છે હેલિપેડ

ભાવનગર, તા.૨૬

અમદાવાદથી ગુજરાતના જુદા જુદા યાત્રાધામોને સાંકળતી હેલિકોપ્ટર રાઈડ માટે ખાનગી કંપનીએ પ્રયાસો હાથ ધર્યા છે. સરકારની મંજૂરી અને ખાસ યોજના તળે હેલિકોપ્ટર રાઈડ સેવા ચાલુ થશે. જેમાં કંપનીને ભાવનગર જિલ્લાના જૈનોના તિર્થધામ પાલિતાણા તેમજ પૂ.મોરારિબાપુના તલગાજરડાની અમદાવાદથી હેલિકોપ્ટર રાઈડ સેવા માટે રસ પડ્યો હોવાના અહેવાલ છે. વધુમાં સુત્રોથી પ્રાપ્ત વિગતો મુજબ પાલિતાણામાં હેલિપેડ માટે યોગ્ય જગ્યાની ખાનગી રાહે તપાસ પણ હાથ ધરાઈ છે.

અહેવાલ મુજબ ગુજરાતના કોઈપણ યાત્રાધામે જવા માટે અમદાવાદ બેઝ્ડ એરોટ્રાન્સ કંપની દ્વારા હેલિકોપ્ટર સેવા શરૂ કરવામાં આવશે. જેમાં લોકો અંબાજી, શ્રીનાથજી, પાલિતાણા, સારંગપુર, સોમનાથ, વડનગર, નડાબેટ, સ્ટેચ્યુ ઓફ યુનિટી અને તલગાજરડા હેલિકોપ્ટરમાં જઈ શકશે. જેમાં અમદાવાદથી સાળંગપુર વચ્ચે આ સુવિધા નિશ્ચિત થઇ ચુકી છે જેમાં ૬ સીટવાળા Bell ૪૦૭ હેલિકોપ્ટરમાં ટિકિટ ૧ લાખ ૮૫ હજાર છે અને ૫ સીટવાળા Bell ૫૦૫ હેલિકોપ્ટરમાં ટિકિટ ૧ લાખ ૫૦ હજાર છે.

આગામી દિવસોમાં ભાવનગર જિલ્લાના મહુવા પાસેના તલગાજરડા સુધી આ સુવિધા વિસ્તારવા કંપનીને રસ હોવાનું જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે, તલગાજરડામાં કાયમી હેલિપેડની સુવિધા પહેલેથી જ ઉપલબ્ધ છે. જો કે, એરોટ્રાન્સ કંપની દ્વારા હજુ સુધી સત્તાવાર કોઇ ગતિવિધિ હાથ નહીં ધરાઇ હોવાનું પણ તપાસ કરતા જાણવા મળ્યું છે.

# સોનાગઢમાં જુગારના અખાડામાંથી ૯૩ હજારની રોકડ સાથે પાંચ ખેલંદા ઝડપાયા

## રહેણાંકી મકાનમાં એલ.સી.બી.એ દરોડો કરી રંગમાં ભંગ પાડ્યો

ભાવનગર તા.૨૬

શિહોર તાલુકાના સોનગઢ ગામમાં આવેલ વાસણઘાટ વિસ્તારમાં રહેણાકી મકાનમાં ચાલતા જુગારના અખાડામાં એલસીબી પોલીસે દરોડો પાડી જુગાર રમતા પાંચ શખ્સને રૂ.૯૩,૫૦૦/- રોકડા સાથે ઝડપી લઈ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

ભાવનગર એલસીબી ટીમ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન સોનગઢ ગામમાં પહોંચતા બાતમી મળી હતી કે, સોનગઢમાં આવેલ વાસણઘાટ, પાલીતાણા ઉતારાની બાજુમાં આવેલ પંચનાથ મંદિર પાસે રહેતા રામદેવસિંહ ધીરુભા ગોહિલ પોતાના મકાનમાં બહારથી માણસો બોલાવી ગંજી પાના વડે હારજીતનો તીનપત્તીનો જુગાર રમી-રમાડી પોતાના આર્થિક લાભ સારું નાળ ઉઘરાવી જુગાર રમવા આવતા માણસોને સવલતો પૂરી પાડે છે. આ બાતમીના આધારે એલસીબીએ રામદેવસિંહ ગોહિલના મકાનમાં દરોડો પાડી જુગાર રમતા રામદેવસિંહ ધીરુભા ગોહિલ, ગીરીરાજસિંહ કેસરીસિંહ જાડેજા ( રહે.ભાવનગર ) કિશોર મનજીભાઈ ડાભી ( રહે. સોનગઢ ) મુકેશ ઉર્ફે મુન્નાભાઈ રમણીકભાઈ સોલંકી ( રહે. શિહોર ) અને મહેન્દ્રસિંહ ઉર્ફે મેદુભા બળવંતસિંહ ગોહિલ ( રહે. સોનગઢ ) ને રોકડા રૂ.૯૩,૫૦૦/- સાથે ઝડપી લઇ તમામ ઈસમો વિરુદ્ધ સોનગઢ પોલીસ મથકમાં જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધાવી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# છકડો રીક્ષાને અડફેટે લઈ નાસી જવાનો પ્રયાસ કરનાર ઈકો કારના ચાલકને ઝડપી લેવાયો

## નશો કરેલી હાલતે કાર ચલાવતા ચાલકના કબજામાંથી વિદેશી દારૂની બોટલ પણ મળી આવતા પોલીસે કરી કાર્યવાહી

ભાવનગર તા.૨૬

સિહોરમાં આવેલ દાદાની વાવ પાસે છકડો રીક્ષાને અડફેટે લઈને નાસી જવાની કોશિશ કરતા ઈકો કારના ચાલક અને તેની સાથેના ઈસમને શિહોર પોલીસે ઝડપી લઇ તપાસ કરતા ઈકો કારમાંથી દારૂની એક બોટલ મળી આવતા પોલીસે બંને ઈસમોની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

શિહોર પોલીસ સ્ટાફ ગત રાત્રિના સમયે દાદાની વાવ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન સર્પાકારે આવી રહેલી ઈકો કારે છકડો રીક્ષાને અડફેટે લીધા બાદ નાસી જવાની કોશિશ કરતા સિહોર પોલીસે ઈકો કારને અટકાવી તપાસ કરતા કારનો ચાલક મોમિક ઈકબાલભાઈ પઢીયાર રહે.સિહોર નશો કરેલી હાલતમાં મળી આવ્યો હતો.પોલીસે કારની અંદર તપાસ કરતા વિદેશી દારૂની ૦૧ બોટલ પણ મળી આવી હતી.

શિહોર પોલીસે ઈકો કારના ચાલક મોમિક ઈકબાલભાઈ પઢીયાર અને તેની સાથેના નિખિલ નંદાભાઈ વાઘેલા ( રહે.તળાજા ) ની ધરપકડ કરી વિદેશી દારૂ અને કાર મળી કુલ રૂ.૨,૦૦,૩૦૦/- નો મુદ્દામાલ કબજે કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# મોતીતળાવમાં વિદેશી દારૂનું વેચાણ કરતા શખ્સની ધરપકડ

ભાવનગર તા.૨૬

ભાવનગરના કુંભારવાડા, મોતીતળાવ વિસ્તારમાં આવેલ કાદરી મસ્જિદ વાળા ખાંચામાં વિદેશી દારૂનું વેચાણ કરતા સુલતાન ઉર્ફે નદીમ મહેબૂબભાઈ મલેકને બોરતળાવ પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ-૦૭, કિં. રૂ.૪,૩૪૦/- સાથે ઝડપી લઇ તેની વિરુદ્ધ પ્રોહિબિશનની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# મહુવામાં કોમ્પલેક્ષની અગાસીમાં દારૂની મહેફિલ માણતા ૩ ઝડપાયા

## મહુવા પોલીસે વિદેશી દારૂ, મોબાઈલ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો

ભાવનગર તા.૨૬

મહુવાના વાસીતળાવ વિસ્તારમાં આવેલ કોમ્પ્લેક્સની અગાસીમાં દારૂની મહેફીલ માણતા ૦૩ શખ્સને મહુવા પોલીસે ઝડપી લઈ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ મહુવા ટાઉન પોલીસ સ્ટાફ ગત રાત્રિના સમયે વાસીતળાવ ચોકી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે, પૂજા કોમ્પલેક્ષની અગાસી ઉપર અમુક ઈસમો વિદેશી દારૂની મહેફીલ કરે છે. આ બાતમીના આધારે મહુવા પોલીસે પૂજા કોમ્પલેક્ષની અગાસીમાં દરોડો પાડી ભાવેશ વિનુભાઈ સોલંકી, ગોપાલ ચીથરભાઈ વાજા ( રહે. બંને મહુવા ) અને ખાટા ઉર્ફે ખુશાલ ધીરુભાઈ સોલંકી ( રહે પાદરી-ગો,તા. તળાજા ) ને વિદેશી દારૂની મહેફીલ માણતા ઝડપી લીધા હતા.

મહુવા પોલીસે ઈંગલિશ દારૂ, મહેફિલ માણવાની સામગ્રી અને ટૈં મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧૭,૫૩૦ ના મુદ્દામાલ સાથે ત્રણેયની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# કુંભારવાડામાં ટેન્કરે મહિલાને અડફેટે લેતા ગંભીર ઈજા

## મ્યુ. ડ્રેનેજ વિભાગના ટેન્કરે અકસ્માત સર્જ્યા બાદ ચાલક ફરાર, ઈજાગ્રસ્ત મહિલાને વધુ સારવાર માટે અમદાવાદ ખસેડાયા

ભાવનગર, તા.૨૬

ભાવનગર શહેરના કુંભારવાડા વિસ્તારમાં ગોકુળનગરમાં મહાનગર પાલિકાના ડ્રેનેજ વિભાગના ટેન્કરે ત્યાંથી પસાર થઇ રહેલી એક મહિલાને અડફેટે લેતા મહિલાને પગના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. તેથી તેમને તાત્કાલિક ૧૦૮ દ્વારા સારવાર માટે સર ટી.હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમને પૂરતી સારવાર આપ્યા બાદ તેઓની હાલત વધારે ગંભીર હોવાથી તેમને અમદાવાદ ખાતે રિફર કરવામાં આવ્યા હતા. જ્યારે મહિલા શહેરના કુંભારવાડા માઢીયારોડ શેરી નંબર પાંચમાં રહેતા ભાવુબેન નરેશભાઈ ચૌહાણ હોવાનું જાણવા મળ્યું હતું. અકસ્માતનો બનાવ બનતા લોકોના ટોળા એકઠા થયા હતા.જ્યારે અકસ્માત બાદ ટ્રક ચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો.





તસવીર : મૌલીક સોની